
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



સાચાદેવ શ્રી સુમતિનાથની ટૂંક

તાલધ્વજ ગિરિરાજના બે રમ્ય દશ્યો



નૂતન શ્રી મહાવીર જિનપ્રાસાદ

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૨
અંક ૧૧ મો

જેઠ
સં૦ ૨૦૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ-નુ-ક્ર-મ-ણિ-કા


| | | |
|---|---|---|
| ૧ પંચ મહાપાતક ... ... ... ... ... ... ... ... | | ૧૬૫ |
| ૨ શ્રી હેમચંદ્રનું વિદ્વાન્ શિષ્યવૃન્દ ... ... | ( સંપા૦ મુનિશ્રી દર્શનવિજયજી ) | ૧૬૬ |
| ૩ શ્રી નવપદજીનાં પ્રાચીન ચૈત્યવંદનો-સાર્થ ... | ( પં. શ્રી રામવિજયજી ગણિવર્ય ) | ૧૬૯ |
| ૪ સતત કલહ ... ... ... ... | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૧૭૦ |
| ૫ સીડી વગરનો મહેલ ... ... ... ... ... | ( અમરચંદ માવજી ) | ૧૭૩ |
| ૬ લોકપ્રિય થવાની કળા ... ... ... ... | ( શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ ) | ૧૭૪ |
| ૭ કૌશામ્બીની રાણી મૃગાવતી ... ... ... | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૭૫ |
| ૮ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ... ... | | ૧૭૮ |
| ૯ સ્વીકાર-સમાલોચના ... ... ... ... ... ... ... ... | | ૧૭૯ |



## શ્રી કથારત્નકોષ ( ભાષાંતર દ્વિતીય ભાગ. )

### કર્તા—શ્રી દેવભદ્રાચાર્ય મહારાજ.

જેમાં સમ્યક્ત્વના તેત્રીશ સામાન્ય ગુણો, પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણોનું સુંદર-સરલ નિરૂપણ તથા વર્ણન, તેને લગતી પ્રાસંગિક, મૌલિક, અનુપમ નહિં જાણેલી, સાંભળેલી, વાંચેલી, નવીન પચાસ કથાઓ, અન્ય અનેક અંતર કથાઓ અને સત્પુરુષોના માર્ગો, ઋતુ, ઉપવન, રાજ્ય લક્ષણો, સામુદ્રિક તેમ જ વ્યવહારિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે અનેક વિષયો દેવ, ગુરુ, ધર્મ, જિનપૂજા વગેરેના સ્વરૂપો અને વિધાનોનું વર્ણન વગેરે અનેક વિષયો આવેલા છે. પ્રથમ ભાગમાં સમ્યક્ત્વના વીશ ગુણોનું વર્ણન આપવામાં આવ્યું છે. આ બીજા ભાગમાં બાકીના તેર સમ્યકત્વના અને સત્તર પંચ અણુવ્રતના મળી કુલ ત્રીશ ગુણોનું કથાઓ સહિત વર્ણન આપવામાં આવ્યું છે. સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી **આ સભાના માનવંતા પેટ્રન સાહેબો, લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવા** આ ગ્રંથ છપાય છે. સુમારે ચાલીસ ફોર્મ ઉપરાંત ક્રાઉન આઠ પેજી લગભગ ચારસો પૃષ્ઠમાં તૈયાર થશે. આસો વદી ૦)) **સુધીમાં નવા થનારા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને પણ ભેટ આપવામાં આવશે.** કિંમત સુમારે રૂા. નવ થશે,

**ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.**

## ૧ શ્રી કલ્પસૂત્ર ( બારસા ) મૂળ પાઠ.

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત છે, જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા નમ્ર સૂચના છે. કિં. રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

**૨ સજ્ઝાયમાળા**—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય—અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૩ મા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૪-૮-૦ પોસ્ટેજ જુદું. માત્ર પચીશ કોપી સિલિકે રહી છે.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૧. ■ વિક્રમ સં. ૨૦૧૧.

જેઠ–જુન

પુસ્તક ૫૨ મું. ■ અંક ૧૧ મો.

## પંચ મહાપાતક

શાસ્ત્રોમાં અનેક જાતનાં પાપો વર્ણવેલાં છે. જૂઠું બોલવું, હિંસા કરવી, ચોરી કરવી વગેરે અનેક પાપો છે જ, પણ પાપોનો એક બીજો પ્રકાર છે, જેનો નામોચ્ચાર અને નિષેધ થવાની જરૂર છે, સામાન્ય પાપો કરતાં આ પાપો ઓછા ભયંકર નથી. ભયભીત દશામાં રહેવું, અન્યાય સહન કરવો, પાડોશી પર થતો અન્યાય મૂંગે મોઢે જોયા કરવો, આળસમાં આયુષ્ય વિતાડવું અને અજ્ઞાન દશા દૂર કરવાનો પ્રયત્ન ન કરવો–આ પણ પંચ મહાપાતક છે. આમાં પોતાના આત્મા પ્રત્યે દ્રોહ છે, દુનિયામાં જ્યાં જ્યાં અન્યાય થાય છે ત્યાં ત્યાં જુલમ ગુજારનાર પોતે તો પાપી હોય છે, પણ જુલમ સહન કરનાર પણ ઓછું પાપ નથી કરતો. જે માણસ દુર્બળ કે બીકણ થઇ બીજાઓને જુલમ કરવાના મોહમાં નાખે છે, તે સમાજનો ઓછો દ્રોહ નથી કરતો. યાત્રાના સંઘમાં જે લોકો સૌથી ધીમે ચાલતા હોય તેમની ગતિએ જ સંઘને ચાલવું પડે છે, નબળા લોકો સંઘની ગતિને રોકે છે. તે જ પ્રમાણે જે લોકો મનુષ્યની જીવનયાત્રામાં પોચા અને બીકણ હોય છે, તે પણ મનુષ્યની પ્રગતિને રોકે છે. જેમ આપણે નબળાઓનો સંઘાત પસંદ કરતા નથી તેમ ઉન્નતિને પંથે ચાલનાર જાતિઓ નબળા અને અન્યાયસહિષ્ણુ લોકોને પસંદ કરતા નથી.

—કાકા કાલેલકર " જીવનસંસ્કૃતિ "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'શ્રી હેમચંદ્રાચાર્યનું વિદ્વાન્ શિષ્યવૃન્દ'

સંપાદકઃ મુનિરાજ શ્રીદર્શનવિજયજી મહારાજ (ત્રિપુટી)

કલિકાલસર્વજ્ઞ આચાર્ય મહારાજ શ્રીહેમચંદ્રાચાર્યજી જૈન સાહિત્ય નભોમંડળમાં સૂર્ય સમાન છે. તેમના શિષ્યરત્નો નક્ષત્ર સમાન છે. તેમનું સંક્ષિપ્ત સ્વરૂપ આપણે તપાસીએ.

સૂરિજીમહારાજના શિષ્યરત્નો ઘણા હશે પરન્તુ આપણી સમક્ષ તો એમના બહુ જ પ્રસિદ્ધિ-પ્રાપ્ત થોડા જ શિષ્યોનો પરિચય ઉપલબ્ધ છે. આ શિષ્યવૃન્દમાં સહુથી મોખરે આચાર્ય શ્રી રામચંદ્રસૂરિજીનું નામ આવે છે. તેઓ શ્રી હેમચંદ્રાચાર્યજીના જમણા હાથ હતા. તેમજ બાલ્યાવસ્થામાં જ દીક્ષિત થઈ, ગુરુચરણે બેસી સુંદર જ્ઞાનામૃતનું પાન કરી અનેક ગ્રન્થરત્નોનું સર્જન કરી ગયા છે.

તેમનો જન્મ, સંવત્ કે સ્થાન વગેરે ઉપલબ્ધ નથી કિન્તુ અનુમાનથી નીચે પ્રમાણે કાલનિર્ણય થાય છે. તેઓ બારમી સદીના મધ્ય યુગમાં થયા છે. લગભગ ૧૧૪૫-૪૬માં જન્મ, ૧૧૫૦-૫૧માં દીક્ષા, ૧૧૬૬માં સૂરિપદ અને ૧૨૩૦માં સ્વર્ગગમન.

રામચંદ્રસૂરિજીને '**પ્રબન્ધશતકર્તૃ**' એવું વિશેષણ મળેલું છે. આ ઉપરથી સમજાય છે કે તેમણે સો પ્રબન્ધોની રચના કરી હશે. કૌમુદીમિત્રાણંદ અને નિર્ભયભીમવ્યાયોગમાં પોતે જ પ્રબન્ધશત-સો પ્રબંધો-પુસ્તકો લખ્યાનું જણાવ્યું છે.

આજે એમના બધા ગ્રંથો નથી મલતા; ખાસ કરીને નીચેના ગ્રંથો મલે છે. તેઓ શબ્દશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રના જાણકાર-**ત્રૈવિદ્યવેદી** હતા. તેમજ ગુર્જરેશ્વર મહારાજા સિદ્ધરાજ જયસિંહે તેમને '**કવિકટારમલ્લ**' નું બિરુદ આપ્યું હતું. એમના જીવનચરિત્રની અનેક રસપ્રદ વિગતો પ્રબન્ધચિંતામણી-ચતુર્વિંશતિ પ્રબંધ પ્રભાવકચરિત્રમાં મલે છે તેમજ તેમના પ્રબંધોમાંથી પણ તેમના રસિક અનુભવોનું ઘણું તારણ મલે છે.

**એક દૃષ્ટિ—**

પ્રબન્ધોમાં ઉલ્લેખ મળે છે કે **રામચંદ્રસૂરિજી**ની એક આંખ સિદ્ધરાજની નજર લાગવાથી ફૂટી ગઇ હતી. એનો પ્રસંગ આ પ્રમાણે છે.

સહસ્રલિંગ સરોવરની પ્રશસ્તિ તૈયાર થઈ ગઇ હતી, એની રચના કવિરત્ન શ્રીપાલકવિએ કરેલી હતી. સિદ્ધરાજ જયસિંહ અને એમની રાજસભાના પંડિતો આ પ્રશસ્તિ વાંચી પ્રસન્નતા જાહેર કરી રહ્યા હતા. કવિવરની પ્રાસાદિક વાણીની પ્રશંસા ચાલી રહી હતી, પરંતુ કવિ રામચંદ્રસૂરિજી મૌન હતા. સિદ્ધરાજે તેમને પૂછ્યું કે: આમાં ક્યાંય દોષ તો નથી ને? રામચંદ્રજીને તેમના ગુરુદેવશ્રી હેમચંદ્રાચાર્યજીએ અહીં મોકલ્યા ત્યારે બધાની સાથે સમ્મત થવાની સૂચના આપી હતી એટલે પહેલાં તો કાંઇ ન બોલ્યા પરંતુ રાજાએ પૂછ્યું એટલે એક શ્લોકમાં તેમણે વ્યાકરણની બે ભૂલો બતાવી. ભૂલો તો સાચી જ હતી પરંતુ કોઇ જે ભૂલ, જે ક્ષતિ ન જોઇ શક્યું, ન બતાવી શક્યું તે ભૂલ અને ક્ષતિ તેમણે બતાવી. આ જોઇ રાજાએ તેમની આંખની પ્રશંસા કરી. પછી ત્યાંથી ઉપાશ્રયમાં જતાં રસ્તામાં જ એક આંખ દુઃખવા આવી અને આખરે તે આંખ ગઇ.

પ્રભાવક ચરિત્રકાર લખે છે કે-રાજાએ એમને જ્યારે જૈનધર્મમાં એક દૃષ્ટિવાળા થવાનું જણાવ્યું ત્યારે જ એક આંખ ગઇ હતી. એટલે તેઓ **એક-દૃષ્ટિ**વાળા હતા એમ સમજાય છે. જ્યારે બીજાં કેટલાંક વાક્યો તેમની એક દૃષ્ટિ બાલ્યાવસ્થાથી ગયેલી હોય એવું સૂચવનારાં પણ મલે છે.

**તેમનાં ગ્રંથો—**

મધુવિલાસ, યદુવિલાસ, નલવિલાસ, રાઘવાભ્યુદય, યાદવાભ્યુદય નિર્ભયભીમવ્યાયોગ, સત્ય હરિશ્ચન્દ્ર, મલ્લિકા મકરન્દપ્રકરણ, રોહીણિ મૃગાંક પ્રકરણ, વનમાલા નાટિકા, કૌમુદી મિત્રાણંદ અગિયાર નાટકો, સુધાકલશ નામે સુભાષિતકોષ, તેમજ કુમારવિહારશતક, અને યુગાદિદેવ દ્વાત્રિંશિકા, કાવ્યો, અને પોતાના લઘુ ગુરુબન્ધુ ગુણચંદ્રની સાથે રહી નાટ્ય-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રનો પ્રૌઢ ગ્રંથ નાટ્યદર્પણ સ્વોપજ્ઞ સટીક અને ન્યાયનો સુંદર ગ્રંથ દ્રવ્યાલંકાર સટીક સ્વોપજ્ઞ તેમણે બનાવ્યો છે.

એક નાટ્યદર્પણ ગ્રંથે જ તેમની કીર્તિ અમર કરી છે. આ ગ્રંથમાં તેમણે લગભગ ચુમ્માલીશ નાટ્ય ગ્રંથોનાં અવતરણો આપ્યાં છે. તેમના નાટકો એટલાં રસિક અને આનંદજનક હતાં કે તેમની વિદ્યમાનતામાં જ તે ભજવાતાં હશે એમ લાગે છે.

**અપૂર્વ મૃત્યુ—**

આ મહાન્ વિદ્વાન્ ઉત્તમ સાધુ અને સમર્થ સૂરિપુંગવનું મૃત્યુ બહુ જ કરુણ અને છતાંય અપૂર્વ હતું. ગુરુદેવના સ્વર્ગવાસ પછી અને મહારાજા કુમારપાલના સ્વર્ગવાસ પછી અજયપાલ ગાદીએ આવ્યો હતો. તે બહુ ક્રૂર, ઇર્ષ્યાળુ અને ધર્મદ્વેષી હતો. કુમારપાલના સમયના અગ્રણીઓને ચુંટી ચુંટીને તેણે મરાવ્યા. આમાં કપર્દિ મંત્રી અને આંબડ મંત્રી પણ છે તેમજ ગુરુની આજ્ઞા માનતાં માનતાં, અને અજયપાલની આજ્ઞા નહિં માનવાથી આવનાર દુઃખને હસતે મોંઢે સહી, ગુરુઆજ્ઞા ખાતર અજયપાલે તપાવેલા ગરમ લોઢાના પાટ ઉપર અનુસણ કરી મૃત્યુ પામ્યા—સ્વર્ગે ગયા! *ધન્ય છે ગુરુભક્તિને અને ગુરુવચનપ્રેમને! આ સંબંધી પ્રબન્ધ ચિંતામણી, કુમારપાલ પ્રબંધ, કુમારપાલ ચરિત્ર અને ચતુર્વિંશતિ પ્રબંધમાં સુંદર ઉલ્લેખો ઉપલબ્ધ થાય છે. રામચંદ્રસૂરિજીનું સ્વતંત્ર જીવનચરિત્ર આપતાં આ પ્રસંગો વિસ્તારથી જરૂર આપીશ.

**ગુણચંદ્રસૂરિ**

તેમના સંબંધી પણ વિશેષ માહિતી નથી મળી શકતી. નાટ્યદર્પણ અને દ્રવ્યાલંકારમાં રામચંદ્રસૂરિજી સાથે તેઓ હતા અને બન્ને ગુરુબન્ધુએ મલીને આ ગ્રંથરત્નોનું નિર્માણ કર્યું છે. આ સિવાય બીજું એમનું સાહિત્ય હોવાનો સંભવ તો છે, પરંતુ અત્યારે ઉપલબ્ધ નથી.

* આ કથા પ્રસિદ્ધ હોવાથી મેં લંબાણથી નથી આપી.

કુમારપાલપ્રતિબોધના કર્તા શ્રી સોમપ્રભસૂરિજી લખે છે કે—આ મ્હારું 'કુમારપાલપ્રતિબોધ' પુસ્તક શ્રી હેમચંદ્રાચાર્યજીના શિષ્યોએ સાંભળ્યું છે—

**" श्रीहेमसूरिपदपङ्कजहंसैः,**
**श्रीमहेन्द्रमुनिपैः श्रुतमेतत्-**
**वर्द्धमानगुणचंद्रगणिभ्याम्,**
**साकमाकलितशास्त्ररहस्यैः "**

**મહેંદ્રસૂરિ**

તેમણે પોતાના ગુરુએ બતાવેલા **અનેકાર્થસંગ્રહ** કોશની ઉપર **'અનેકાર્થકૌરવાકર કૌમુદી'** નામની સુંદર ટીકા રચી છે. અનેકાર્થ સંગ્રહની ટીકા રચવાનો વિચાર શ્રી હેમચંદ્રાચાર્યજીનો હશે અને તેની વિચારણા કરી રહેલા એ વિચારણા અમલમાં આવે તે પહેલાં જ તેમનો સ્વર્ગવાસ થયો, ગુરુજીની આ ભાવના વિદ્વાન્ શિષ્ય મહેંદ્રસૂરિજીએ પૂર્ણ કરી, અને ગુરુના નામથી જ પોતે ટીકા બનાવી. ટીકામાં પોતાની લઘુતા બતાવતાં લખે છે.—

**सम्यग्ज्ञाननिधेर्गुणैरनवधेः,**
**श्रीहेमचंद्रप्रभो-**
**ग्रंथे व्याकृतिकौशलव्यसनिनां,**
**नास्मादृशां तादृशाम्।**
**व्याख्यामस्तथापि तं पुनरिदं,**
**नाश्चर्यमन्तर्मनस्-**

કેવી નમ્રતા અને લઘુતા બતાવે છે. ટીકા સુંદર, પ્રમોદપ્રદ, લલીત અને મનોહર છે. આ સિવાય વિશેષ તેમનો પરિચય નથી મલતો.

**વર્દ્ધમાનગણિ—**

મહારાજા કુમારપાલે બંધાવેલા **'કુમારવિહાર'**—ની પ્રશસ્તિ **કુમારવિહાર પ્રશસ્તિ** કાવ્યના ૮૭ મા શ્લોક ઉપર સુંદર ટીકા તેમણે લખી છે. પહેલાં પોતે જ આ એક શ્લોકના છ અર્થ કર્યા છે પરંતુ આ પછી એ જ ગણિવરે **૧૧૬ અર્થ** પણ કર્યાં છે. એમના પાંડિત્ય માટે આટલું જ બસ છે.

For Private And Personal Use Only

**દેવચંદ્ર —**

આ પણ શ્રીહેમચંદ્રાચાર્યજીના જ શિષ્ય છે. તેમણે **ચંદ્રલેખાવિજયપ્રકરણ** નામનું નાટક લખ્યું છે. તેમાં મહારાજા કુમારપાલ અર્ણોરાજનો વિજય કરીને આવે છે. તે પ્રસંગના ઉત્સવ નિમિત્તે કુમારપાલની વીરતા અને ધીરતાસૂચક આ નાટકની રચના કરવામાં આવી છે. આ સિવાય **માનમુદ્રાભંજન** નામની બીજી કૃતિનો પણ ઉલ્લેખ મલે છે.

**ઉદયચંદ્રગણિઃ—**

યદ્યપિ તેમની બનાવેલ કોઇ સાહિત્ય કૃતિ ઉપલબ્ધ નથી થઇ પરંતુ તેમની પ્રેરણાથી સાહિત્યની રચના થઇ છે, એમ ઉલ્લેખો મલે છે.

સિદ્ધહેમબૃહદ્વૃત્તિ ઉપર 'દેવેંદ્રે' કતિચિદ્દુર્ગપદવ્યાખ્યા નામની ટીકા બનાવી છે અને ઉપમિતિ-પ્રપંચાકથાસારોદ્ધાર આ બન્ને પુસ્તકો શ્રી ઉદયચંદ્રગણિની પ્રેરણાથી તૈયાર થયાં છે. તેમજ ચંદ્રગચ્છીય શ્રી દેવચંદ્રસૂરિ શિષ્ય કનકપ્રભે પણ '**હેમન્યાયસાર**' ઉદયચંદ્ર ગણિની પ્રેરણાથી જ બનાવેલ છે.

**યશશ્ચંદ્રગણિઃ—**

તેમણે બનાવેલ કોઇ સાહિત્ય કૃતિ ઉપલબ્ધ નથી કિન્તુ પ્રબંધચિન્તામણી, કુમારપાલ પ્રબંધ વગેરેમાં શ્રી હેમચંદ્રાચાર્યજીની સાથે તેઓ હતા એમ ઉલ્લેખ મલે છે. આ સિવાય તેમના ગૃહસ્થ શિષ્યો કુમારપાલ, ઉદાયન મંત્રી વગેરે, શ્રીપાલ કવિ વગેરે ઘણા છે.

**બાલચંદ્રસૂરિ—**

આ પણ ગુરુદ્રોહી શિષ્ય તરીકે પ્રસિદ્ધ છે. સ્નાતસ્યાની થોય એ એમની કૃતિ છે. **ગોત્રનાશક** તરીકે તેમની ખ્યાતિ છે. શ્રી રામચંદ્રસૂરિજી વગેરેનો અજયપાલ દ્વારા નાશ, તેમજ કુમારપાલ રાજાને પણ ઝેર વગેરે અપાવનાર તે જ હતા.

આ પ્રમાણે શ્રી હેમચંદ્રાચાર્યજીના શિષ્યોનો ટૂંક પરિચય આપ્યો છે. વધુ જાણવા ઇચ્છનાર મહાશયોએ નલવિલાસ નાટકની પ્રસ્તાવના, જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, ઇતિહાસની કેડી, હેમસમીક્ષા વગેરે પુસ્તકો જોવા.

---

## સરસ્વતીના લાડીલા

જૈન મુનિરાજોની મોટી સંખ્યા માત્ર ધર્મતત્ત્વોનો ઉપદેશ દઈ બેસી ન રહેતી, પણ વ્યાકરણ, ચરિત્ર–સર્જન ઇતિહાસ–સંકલનરૂપ સાહિત્યની રચનામાં રત રહેતી. એ રચના પણ પ્રાકૃતની મર્યાદામાં ન રહેતા, સંસ્કૃત ભાષા પર્યંત પહોંચી હતી. એ ત્યાગીગણમાં સર્વમોખરે **શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય** શોભે છે. તેઓશ્રીની પ્રતિભાશાળી મેધાએ તેમને ભાષા, વ્યાકરણ, કાવ્ય આદિ વિવિધ ક્ષેત્રોમાં મોવડી બનાવ્યા છે કે જેના બળવડે તેઓ **કલિકાલસર્વજ્ઞ** તરીકે ઓળખાય છે અને એ બિરુદ યથાર્થ છે. સરસ્વતીના લાડીલા સંતાનને **સિદ્ધરાજ** તેમ જ **કુમારપાલ** જેવા મહાન રાજવીઓનું પીઠબળ મળ્યું. ઉપરોક્ત રાજવીઓના સહકારથી શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે **સાહિત્ય** અને **કલાને** તેમના મધ્યાહ્ન કાળે પહોંચાડ્યા હતા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નવપદજીનાં પ્રાચીન ચૈત્યવંદનો

### વિવેચનકાર પં. મ. શ્રી રામવિજયજી ગણિવર્ય

## આઠમું ચારિત્ર પદ ચૈત્યવંદન–સાર્થ.

**જસ્સ પસાયે સાહુ પાય,**
**જુગજુગ સમિતેંદ,**
**નમન કરે શુભ ભાવ લાય,**
**કુણ નરપતિ વૃંદ. ૧**

**જંપે ધુરી અરિહંત રાય,**
**કરી કર્મ નિકંદ;**
**સુમતિ પંચ તીન ગુપ્તિ યુત,**
**દે સુખ અમંદ. ૨**

**ઇષુકૃતિ માન કષાયથી,**
**રહિત લેશ શુચિવંત;**
**જીવચરિત્તકું હીરધર્મ,**
**નમન કરત નિત સંત. ૩**

**અર્થ**—યુગેયુગમાં એકત્ર થયેલા ઇંદ્રો, જે ચારિત્રના પસાયથી સંયમધરોને પગમાં પડી પડી નમન કરે છે તેમજ નમતાં શુભ ભાવને ભાવે છે: તેવા ચારિત્ર ગુણધારક મુનિવરોને ઇંદ્રો નમન કરે, તો રાજાઓના સમૂહો ( નરપતિઓ ) નમન કરે તેમાં તો શું કહેવું ? તીર્થંકરો ઘાતીકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામી ચારિત્રપદની વ્યાખ્યા કરી બતાવે છે; આ ચારિત્ર પંચસમિતિ અને ત્રણ ગુપ્તિ સહિત આરાધેલું ઘણા સુખને આપે છે; વળી પચીશ કષાયથી રહિત અને શુદ્ધ લેશ્યાથી યુક્ત એવા ચારિત્રધારી જીવને હીરધર્મ નામના મુનિપુંગવ નમન કરે છે. ૧–૨–૩.

**વિવેચન**—જે ચારિત્રના પ્રભાવથી ચોસઠ ઇંદ્રો એકત્ર થઈ શુભ ભાવ લાવી નમન કરે છે તો રાજાઓનો સમૂહ નમન કરે તેમાં શી નવાઈ! ચોસઠ ઇંદ્રો આ પ્રમાણે છે. દસ ભુવનપતિના ઉત્તર દક્ષિણ દસ દસ ગણતાં વીશ ઇંદ્ર થાય, આઠ વ્યંતરના ઉત્તર દક્ષિણ સોળ થાય, વાણવ્યંતરના ઉત્તર દક્ષિણ સોળ થાય, જ્યોતિષીમાં એક ચંદ્રનો અને એક સૂર્યનો એમ બે ઇંદ્ર થાય, વૈમાનિક આઠના આઠ ઇંદ્રો, નવમા દસમા વચ્ચે એક, અગીઆર બારમા વચ્ચે એક એમ દસ ઇંદ્રો બાર દેવલોકના થાય; કુલ ૨૦,૧૬,૧૬,૨,૧૦ મેળવતાં ૬૪ ઇંદ્રોની સંખ્યા થાય. શ્રી વિજયલક્ષ્મીસૂરિકૃત વીશ સ્થાનકની પૂજા પૈકી પ્રથમ અરિહંત પદની પૂજામાં ' ઇંદ્ર અસંખ્ય કરે સેવા રે ' એવો ઘોષ સંભળાય છે; તેનો પરમાર્થ આ રીતે છે; એક ફક્ત જ્યોતિષીને છોડી દઈએ તો ચંદ્ર સૂર્ય વિના બાસઠ ઇંદ્ર જ થાય, વિશેષ નહિં; પરંતુ અઢીદ્વીપમાં તેમજ અસંખ્ય દ્વીપ–સમુદ્રોના ઊંચા આકાશતળમાં, વિચારીએ તો, અસંખ્ય ચંદ્રો, અસંખ્ય સૂર્યો, ઇંદ્ર પદવીવાળા છે; અકેક અકેક ચંદ્ર વિમાને એકેક ચંદ્ર, અકેક સૂર્ય વિમાને અકેક સૂર્ય ઇંદ્ર છે એમ ગણતાં અસંખ્ય ચંદ્ર–સૂર્ય ઇંદ્રો થાય. પરંતુ જાતિ આશ્રી બે જ ગણાય. ચંદ્રની જાતિ અને સૂર્યની જાતિ વ્યક્તિ આશ્રીને અસંખ્ય અસંખ્ય ગણાય; તેથી અસંખ્ય ઇંદ્રો અને ચોસઠ ઇંદ્રોમાં વચનનો સાપેક્ષભાવ હોવા છતાં બન્ને વાકયોમાં સંપૂર્ણ સત્યતા છે. વળી લોકોત્તર પુરુષરૂપે તીર્થંકર પ્રભુનો કલ્પ એવો છે કે–પ્રાયઃ કેવલજ્ઞાન થયા વિના મૌન જ ધારણ કરે–સંપૂર્ણ પ્રત્યક્ષ લોકાલોકપ્રકાશક કેવલજ્ઞાન થયા બાદ પ્રરૂપણા કરે; કારણ કે છદ્મસ્થપણામાં કિંચિત્ અસત્યતાનો અવકાશ છે; આ કડીઓમાં ઇષુ એટલે પાંચ, કૃતિ એટલે વર્ગ એવી પરિભાષાથી પચીશની સંખ્યા લેવી; પચીશ કષાયોનો ત્યાગ સંયમીને હોય છે એમ શ્રી તીર્થંકરપ્રભુ પ્રતિપાદન કરે છે; પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિવડે આરાધન કરેલું ચારિત્ર મુક્તિપદ આપે છે; એવા ચારિત્રને–ચારિત્રધારી સંયમધરોને કવિ નરરત્ન હમેશાં નમન કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સતત કલહ

લેખક–સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ—માલેગામ.

ચંદનપૂર એક નાનું સરખું ગામ હતું. ત્યાં ઘેલાશેઠ જાણે ગામના ધણીધોરી હોય એમ ગણાતા. તેમની કમાણી ગમે તેવા માર્ગની હોય છતાં તેઓએ પોતાનું વજન ગામમાં ખૂબ જમાવ્યું હતું. પોતાને તેઓ ઘણા ઉદાર અને પરગજુ ગણાવતા. ગામડીઆઓના જરૂરના પ્રસંગે તેઓ તેમને ઉપયોગી થઇ પડતા. તેઓ નાણા ધીરતા. તેથી તેઓએ પોતાની ખૂબ કીર્તિ ફેલાવી હતી. ભોળાશેઠ તેમનાં એક મિત્ર હતા. અને તેમની સાથે તેઓ ખાનગીમાં ખુલ્લા દિલે કોઇ કોઇ વાર વાતો કરતા.

ઘેલાશેઠ પોતાની કમાણીની ચાવી કેવી છે એ જ્યારે ભોળાભાઇને સમજાવતા ત્યારે ભોળાભાઇ કમકમાટી અનુભવતા. અને ઘેલાશેઠના અઘટિત માર્ગો માટે તેમને ઠપકો આપતા. તેમજ આવા જૂઠા ચોપડા અને ખોટા હિસાબો કરવા માટે તેમને બોધ આપતા. ખોટા કામોથી મોટું કર્મબંધન થાય છે, એમ એમને સમજાવતા. એટલું જ નહીં પણ ગુરુમુખે સાંભળેલ શાસ્ત્રપ્રમાણો પણ તેઓ કહી સંભળાવતા. ઘેલાશેઠનો એની સામે એવો જવાબ હતો કે, પાપ એ કાંઇ પુણ્ય કહી શકાય નહીં. એ હું સારી પેઠે સમજું છું; પણ આપણે તો વેપારી રહ્યા. વેપારીઓએ તો જમે નામેનો મેળ જોઇ હિસાબ મેળવી લેવો જોઇએ. હું કયાં કહું છું કે મારે હાથે પાપ નથી જ થતું. પણ પાપ જેમ ઉધાર બાજુ ગણાય તેમ પુણ્ય એ જમે બાજુ ગણાવવી જ જોઇએ. હું તો રોજ સામાયક કરું છું. તેમ બન્ને ટંક પડિક્કમણું પણ કરી લઉં છું. પડિક્કમણું એટલે પાપની આલોચણા. દિવસભરમાં પાપ તો થતું જ રહે અગર કરવું પણ પડે ત્યારે સાંજના પડિક્કમણામાં તે બધું ધોવાઇ જવાનું. અને રાતે જે પાપ થાય તે સવારમાં પડિક્કમણું કરી ધોઇ નાખવાનું. હવે કહો કે કયાં રહ્યું પાપ? એમ તો નિત્યક્રમ ચાલુ જ રહ્યા કરે. હવે બતાવો કે, મને પાપ લાગે જ શી રીતે? અને લાગે તો તે સિલકમાં રહે જ શી રીતે? આપણા કપડાને મેલ લાગે ખરો પણ ધોઈ નાખવાથી એ નિકળી ન જાય? હું તો સાચું જ કહું છું કે, મારી પાસે પાપ સિલકમાં છે જ નહીં. હું તો કોરો સ્વચ્છ જ છું. વધારામાં મારી પાસે જો હોય તો થોડું ઘણું પુણ્ય જ છે, કારણ કે મેં એકાદ બે પૂજાઓ પણ ભણાવી છે. આંગીઓ પણ રચાવી છે. જીવદયાવાળા આવે ત્યારે રકઝક કરતા પણ મેં એકાદ રૂપીઓ આપ્યો પણ છે. કોઈ વરઘોડો નિકળે તેમાં હું સામેલ પણ થતો રહ્યો છું. આપણે સમાજમાં રહેવું પડે ત્યારે શું નથી કરવું પડતું? કોઈના દબાણથી કે કોઇની બીકથી આગળનો લાભ વિચારી કે દેખાદેખીથી પણ કાંઈ ને કાંઇ દાન પુણ્ય તો કરવું જ પડે છે. કોઇ વખત મારું નામ પ્રગટ થાય અને હું દાન પુણ્ય કરનારો ગણાઉં તે માટે પણ કયાં આપવું નથી પડતું? એમ મારે પુણ્ય તો કેટલુંય જમે થઇ ગયું હશે. ત્યારે કહો ભોળાભાઇ મારામાં ખામી શું છે? અને મારી પાસે પાપ કયાં સિલકમાં રહ્યું છે? પાપ કરવું પડે ખરું પણ આલોયણા લીધા પછી તે થોડું જ રહેવાનું હતું. આપણે તો સરળ સીધા માર્ગી છીએ. લેવું અને દેવું. સિલકમાં ઝાઝું રાખવું જ શું કામ? હવે કહો ભોળાભાઇ મારી ભૂલ કયાં થાય છે?

ભોળાભાઇ તો ઘેલાભાઇની દલીલોથી આભા જ બની ગયા. તેમને તો ઘેલાશેઠ સામે બોલવાની હીંમત ન ચાલી આવા પાકા માણસ સામે બોલવું પણ શું? તેથી ભોળાભાઇ તો નિરુત્તર જ થઈ ગયા.

આ પ્રસંગ બની ગયા પછી ઘેલાશેઠનો તો વિજય થયો એમ લાગ્યું, પણ ઘેલાશેઠના મનમાં એ વિચાર હમેશ ખટક્યા જ કરે. પ્રસંગોપાત એક રાતે એમને કેમે ઉંઘ ન આવે. વિચારના વમળમાં તેઓ એટલા ફસાઇ ગયા કે આંખ મળે જ નહીં. એમના મનથી શાંતિ દોડી ગઇ. ઘડીમાં એક વિચાર આવે ત્યારે ઘડીમાં તેની સામેનો વિચાર મગજ ઉપર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચઢી બેસે. એવી તો વિચારોની ગડમથલ ચાલી, એવો ઊહાપોહ જાગ્યો, એવો તો વિચારોનો કલહ શરૂ થયો કે કેમે શાંતિ થાય જ નહી. ઘડીમાં એમ લાગે કે, આમ કરીએ તો સારું અને તરત જ એવો વિચાર આવે કે, એ કરવાથી તો ભયંકર દોષ લાગે. પાપ કરતી વેળા આનંદ આવે અને આપણી પાસે તો તે ધોઇ નાંખનારો સીધો માર્ગ તૈયાર જ છે ત્યારે વિચાર આવે કે, એ તો સીધો આપણા આત્માને જ છેતરવાનો પ્રકાર છે. એમાં છેતરપિંડી નહીં તો બીજું શું ? ક્રિયા તો ત્રણ પ્રકારથી થાય. મનમાં વિચાર આવે. મોઢેથી બોલી જવાય અને પછી શરીરવડે ક્રિયા થાય. ત્યારે મનમાં વિચાર આવ્યા વિના ક્રિયા તો થતી જ નથી. ત્યારે પાપ કરવાનું મનમાં આવે, ઘડી પછી એ જ મનમાં તેનો વિરોધી વિચાર આવી કમકમાટી છૂટે એનો અર્થ શો ? શું ત્યારે મનમાં પણ બે ભાગ હશે ? એક મન પાપને ઉત્તેજન આપે ત્યારે બીજું મન એમ કરતાં રોકે એથી એમ જણાય છે કે—મનના બે ભાગલા કે ભેદ હોવા જોઇએ. એક મન ઐહિક અને ઘડીભરના સુખ માટે પ્રયત્ન કરવા કહે અને શરીરને તેમ કરવા લલચાવે અને ઉત્તેજન આપે ત્યારે બીજું મન લાંબો વિચાર કરવા કહે અને ક્ષણિક સુખ કરતા ચિરંતન સુખ તરફ લઇ જવા પ્રયત્ન કરવાનું કહે. ત્યારે સ્પષ્ટ જણાય છે કે, એક મન દ્રવ્ય તરફ આપણને ખેંચવાનો પ્રયત્ન કરે છે એને આપણે દ્રવ્ય મન કહીએ, ત્યારે બીજું મન આપણને લાંબો પણ સરળ માર્ગ બતાવી ઐહિક અને ક્ષણજીવી સુખથી આઘો ખસી શુદ્ધ માર્ગ મેળવી લે એમ કહી ભાવનાને પોષે છે ત્યારે એને ભાવ મન કહી શકાય. વસ્તુ-સ્થિતિ એવી જણાય છે. આપણામાં જે નિત્ય અને સતત કલહ ચાલતો જણાય છે અને આમ કરું કે આમ કરું એ કલહ દ્રવ્યમન અને ભાવમન વચ્ચેનો છે.

દ્રવ્યમન લાલચ અને ક્ષણિક આનંદ અને ઇંદ્રિયજન્ય સુખ આગળ કરી મનુષ્યને અકૃત્ય કરવાની પ્રેરણા આપે છે જ્યારે ભાવમન મનુષ્યને સાવધાન કરી અપકૃત્ય કરવાથી રોકે છે એવી ઘેલાશેઠની ખાત્રી થઇ ચૂકી. પણ એ બેનો મનો-ભૂમિકાએ ઉપર અખંડ રીતે ચાલતો કલહ રોકી શકાય એનો વિચાર કરતા રાત પૂરી થઇ પણ ઘેલાશેઠના વિચારોનો અંત આવ્યો જ નહી. નવી નવી દલીલો શોધી તેમનું દ્રવ્ય મન ભાવમન ઉપર પોતાના વિચારો ઠોકી બેસાડે અને અંતે દ્રવ્યમનનો જ જય થતો. ભાવમન પોતાની દલીલો આગળ કરે પણ છેવટ એને જ હતપ્રભ થઇ હાર ખાવી પડતી.

ઘેલા શેઠે ભાવમનને સન્મન અને દ્રવ્યમનને અસન્મન એવા નામો ગોઠવી દીધા. આપણો સાચો માર્ગ કયો ? આપણે માનવું કોનું ? સન્મનનું કે અસન્મનનું ? રોજે એ વિચારોને વેગ મળે. એ કલહ કેમે શાંત થાય જ નહીં. રાત ઉજાગરામાં ગાળવી પડે. આખો દિવસ સન્મન અને અસન્મન એ બે શબ્દોએ એમની શાંતિ છીનવી લીધી.

કોઇ ગામડીઆના હિસાબમાં ખોટું કરી વધુ વ્યાજ ગણવા બેસતા ત્યારે એમના વિચારોમાં એમ આવતું કે, એ પાપ છે. પણ સાચો હિસાબ ગણતા તો ઘણી ખોટ ખમવી પડે. અન્યાયની રકમ છોડી દેવી પડે. અને કદાચ એ ગામડીઆને પહેલા અને હાલમાં જે વ્યાજ ગણાયું તેમાંનો ફેર ધ્યાનમાં આવી જાય તો આપણી લુચ્ચાઇનો સ્ફોટ થઇ જાય અને અત્યાર સુધી મેળવેલી કીર્તિ ઘડી વારમાં ધૂળ ભેગી થઇ જાય ત્યારે ફરી અસન્મન સમજાવે કે વધુ વ્યાજ જે અન્યાયનું ગણાય તે આપણે ધર્મ ખાતામાં ખરચી નાખશું એટલે પાપ અને પુણ્યનો મેળ આવી જાય. એમ વિચાર કરી અન્યાયનો તોડ કાઢી લેતા. અને પુણ્ય કરવાનો પણ પ્રસંગ આવવો જોઇએ ને ? આપણો મોભો જળવાય, ચાર લોકોમાં આપણે ધર્મી ગણાઇએ અને ઉદાર કહે-વાઇએ એવો પ્રસંગ મળી આવે તો જ એ દ્રવ્ય ખર્ચવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય. એવા એવા લાંબા વિચારો કરી પોતાના જ આત્માને છેતરી અસ-ન્મનની જય બોલાવતા. કોઇએ મૂકેલી થાપણ ના—કબૂલ કરવામાં તેમને આંચકો લાગે ખરો. ત્યારે પેલું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસન્મન પોતાની અકાટ્ય લાગતી દલીલો આગળ કરવા ઊભું જ હોય. ત્યાં પેલા વિવેકી સન્મનનું બીચારાનું શું ચાલે? એમ અખંડ રીતે ચાલતા કલહનો કોઇ રીતે અંત આવે જ નહીં.

આમ ઘેલા શેઠની ઊંઘ ગઇ અને રાતદિવસ અશાંત રહેવા માંડ્યા. ત્યાં ભોળા શેઠ એક દિવસે મળ્યા. શેઠની આવી દયાજનક પરિસ્થિતિ જોતાં તેમને શેઠને માટે કરુણા આવી. શેઠને આમ બેચેની વધવા માંડી છે જાણી તેઓને કરુણા આવી. ઘેલા શેઠને તેમણે પ્રશ્ન કર્યો 'કેમ શેઠ, આમ આમણા-કમણા જણાઓ છો? તબીઅત તો ઠીક છે ને?' શેઠે તરત જ પોતાની આંખમાં પાણી લાવી પોતાની મુંઝવણ ભોળા શેઠને જણાવી. ભોળાભાઇએ સાંત્વના આપી કહ્યું કે, ભાઇ! આપણું જે ભાવમન કહો કે સન્મન કહો એ આપણું ગુરુ છે. એની આજ્ઞા ખરે જ સાચી હોય છે. એ જે કહે છે તે સાચે જ આપણને સાચો માર્ગ બતાવે છે. આપણે પેલા દ્રવ્યમન કે અસન્મનને તાબે થઇ સાચો માર્ગ છોડી અવળે રસ્તે દોડીએ છીએ. થોડી લાલચને વશ થઇ અશાશ્વત અને અયોગ્ય માર્ગે ચાલીએ છીએ તેથી જ આવી અશાંતિ આપણામાં આવે છે; માટે હવેથી આપણા સન્મનને જ ગુરુ કરી, તેવો બોધ માથે ધરી દ્રવ્યમનને ફગાવી દેજો; કારણ કે એ આપણો દુશ્મન છે. એમ કરવાથી આપણું કલ્યાણ છે. એ બોધ તમને અને અન્ય સહુને હિતકારક જ થશે.

ઘેલા શેઠના મનને એ બોધ રુચી ગયો તેમ સહુને રુચે એ જ અભ્યર્થના!

---

## જૈન સાહિત્ય ::: ભારતની સમૃદ્ધિ

ભારતીય સાહિત્યનું એવું એક પણ અંગ નથી જેમાં જૈનોએ પોતાનું ખાસ સ્થાન જાળવી ન રાખ્યું હોય. ઈતિહાસ અને કાવ્ય, નાટક તથા આખ્યાન, વ્યાખ્યાન તેમજ જીવન-ચરિત્ર, કોષ અથવા સાહિત્ય, એકે ક્ષેત્રમાં જૈન લેખકોની સંખ્યા બીજા કોઇ પણ સંપ્રદાય કરતાં ઉતરતી નથી. ભદ્રબાહુ, સિદ્ધસેન, હરિભદ્ર તેમજ હેમચંદ્ર અને બીજા પ્રાચીન તેમજ મધ્યકાલીન સાહિત્યસ્વામીઓએ ભારતવાસીઓને માટે સારી સાહિત્ય-સમૃદ્ધિ ભરી રાખી છે.

—ડૉ. કાલીદાસ નાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સીડી વગરનો મહેલ

અમરચંદ માવજી શાહ

જૈન દર્શન એ અનેકાંત દર્શન છે, સ્યાદ્વાદ દર્શન છે. એમાં બે મુખ્ય નય છે એક વ્યવહાર નય બીજો નિશ્ચય નય. નિશ્ચય નય એ સાધ્ય છે વ્યવહાર સાધન છે. નિશ્ચય નય એ મહેલ છે વ્યવહાર નય એ સીડી છે. એ સીડી વગર મહેલમાં ઉપર પહોંચવું મુશ્કેલ છે. એટલે નિશ્ચય નયને યથાર્થ જાણીને તે અનુસાર સાધક વ્યવહારનાં સાધનવડે સાધના કરતો તે નિશ્ચયરૂપ મહેલમાં પહોંચી શકે. પરંતુ આવા એકાંત નિશ્ચય નયનાં શાસ્ત્રો એકાંત બુદ્ધિથી વાંચીને તેને ઠેકડો મારીને ચડવા જેવી મૂર્ખાઇ કરે તો તેનાં હાડકાં પાંસળાં ભાંગી જવાનો જરૂર ભય રહે છે. એ વ્યવહાર નય ચૌદ ગુણસ્થાનકરૂપી પગથિયાંથી બાંધેલો છે. તેમાં અવસ્થા પ્રમાણે ઉપશમ, ક્ષયોપશમ, ભાવ મુજબ ચડવાનું હોય છે, તેમાં જ્યારે એકડીયો મેટ્રીક સુધીના અભ્યાસીની લખેલી હકીકતોને યોગ્યતા વગર અમલમાં મૂકવા જાય તો તે જેમ હાસ્યાસ્પદ છે. તેમજ હજુ પેલા ગુણઠાણાનું ઠેકાણું હોતું નથી અને સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકે વર્તતા મુનિની દશામાં વ્યવહાર ગૌણ બની રહે છે ત્યારે દયા–દાન આદિ પ્રવૃત્તિ, પ્રભુપૂજા સેવા આદિ પ્રવૃત્તિ ગૌણ બની જાય છે અને આત્માના ઉપયોગમાં જોડાવાથી સંસારનું દેહનું ઘડીભર ભાન ભૂલી જાય છે ત્યાં સુધી જ આ વ્યવહાર અટકે છે. અપ્રમત્ત ગુણસ્થાનક કાંઇ લાંબો વખત ટકતું નથી, પાછું છઠ્ઠામાં આવે છે એટલે એ ગુણઠાણાને લગતા વ્યવહાર ધર્મો આચરવાનાં રહે છે પરંતુ શુષ્કજ્ઞાનીઓ આવા એકાંત વચનોને પકડીને દયા–દાન આદિનો જે નિષેધ કરી સમાજને પણ અવળે માર્ગે દોરે છે તે મહામિથ્યાત્વીઓ છે. અપેક્ષા ભેદે નિશ્ચય વ્યવહારનું સમ્યક્ પ્રકારે આચરણ ન થાપજો. ખૂબ જ અવ્યવસ્થા ઉત્પન્ન થાય એટલે આવી તાત્વિક બાબતો વિચાર ને વિવેકપૂર્વક સમજ્યા વગર જે સમાજમાં પ્રચાર કરે છે તે મહામિથ્યાત્વથી ગ્રસીત છે. શ્રીયુત રાજચંદ્રજીએ આત્મસિદ્ધિમાં લખ્યું છે કે—

**નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવા નોય,**
**નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવા સોય.**

એટલે નિશ્ચય નય વસ્તુનાં અસલી સ્વરૂપને ઓળખવા માટેનું સાધન છે એટલે એ લક્ષ કેળવીને તેને સાધ્યરૂપ બનાવી, પોતે તે સ્વરૂપને પ્રાપ્ત કરવાં નિશ્ચયનાં લક્ષે સાધન કરવાં જોઇએ. એ સાધનમાં પણ શરૂઆત દયાથી જ થાય છે તે સંબંધે આત્મસિદ્ધિમાં લખ્યું છે કે—

**દયા શાંતિ સમતા ક્ષમા, સત્ય ત્યાગ વૈરાગ્ય,**
**હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદા સુજાગ્ય.**

સાચા સાધકને આ ગુણો હોય તો જ તે સાધના કરવાને યોગ્ય પાત્ર બને છે પરંતુ એકાંતે શાસ્ત્રના મર્મને સમજ્યા વગર એક નયથી આત્માને અક્રિય, અબદ્ધ, કહ્યો હોય અને બીજા નયથી તપાસવામાં ન આવે તેમજ તથારૂપ પોતાની અવસ્થા ન હોય અને એમ માની લઇ સ્વચ્છંદમાં પડી જાય તો તે સાધન વગરનો થઇ સાધ્ય સિદ્ધિ કરી શકતો નથી. બીજાને તેવો ઉપદેશ આપવાથી બીજાઓને બુડાડવાનું પણ નિમિત્ત બને છે.

આવી રીતે જે સાધ્ય, સાધનને યોગ્ય રીતે સમજ્યા વગર ઉપદેશ આપે છે. દયા–દાન જેવા કર્તવ્યમાં હજુ એકડામાં નથી આવ્યો તેને તે દ્વારા પાપના ડર દેખાડે છે તે ખરેખર જૈનદર્શનને સમજ્યા જ નથી. અને સમાજને ઊંધે રસ્તે દોરીને શુભમાર્ગથી પતિત કરે છે. હજુ શુદ્ધ થવાને માટે કેટલા કેટલા પહાડો ઓળંગવાનાં છે તે જાણે કે એક જ કૂદકે તેરમે માળ પહોંચાડી દેવા જેવી અને નય–જ્ઞાનથી રહિત વાતો કરી, શુષ્કતા ફેલાવી સમાજને અવળે પંથે દોરતા તેરાપંથીઓને–સમ્યક્દૃષ્ટિ સાધી, નિશ્ચય વ્યવહારનાં અનુરૂપ ધર્મ સાધના કરવા ને કરાવવાની જરૂર છે. દયાનો પરમાર્થ સ્વરૂપ દયા સુધી છે. દાનનો પરમાર્થ પરભાવ ત્યાગ પર્યંત છે. જેમ જેમ ગુણસ્થાનક વધે તેમ તેમ ઉત્કૃષ્ટતા આવે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લોકપ્રિય થવાની કળા

( ગતાંકથી ચાલુ )

( લેખકઃ—વિઠ્ઠલદાસ મૂ. શાહ )

જ્યારે જ્યારે તમે કોઈ માણસને બીજાની અવગણના અને નિંદા કરતા સાંભળો ત્યારે ત્યારે જો તમે તેનો ઉક્ત દોષ સુધારી શકો એમ ન હો તો તમારા મિત્રમંડળમાંથી તેને દૂર કરો. તમે એમ ન ધારતા કે જેઓ તમારી સમક્ષ બીજાના દોષો ગણાવે છે અને જેઓ તમારી સમક્ષ અન્યની ટીકા કરી તેને હાંસીપાત્ર બનાવે છે તેઓ અનુકૂળ પ્રસંગ આવશે ત્યારે તમારી સંબંધી વાતમાં પણ એ જ રીતે વર્તશે નહિ. આવા લોકો સાચા મિત્રો થવાને લાયક નથી, કેમકે સાચી મૈત્રી વિઘ્નરૂપ થવાને બદલે હંમેશાં સહાયભૂત બને છે. ખરેખરા મિત્રો કદિ પણ પોતાના મિત્રના અવગુણો બીજા પાસે પ્રકટ કરતા નથી અને પોતાના મિત્રની બીજાના મુખે થતી નિંદા પણ સહન કરી શકતા નથી.

પુરુષ અથવા સ્ત્રીને પરમાત્માની દોષ રહિત પ્રતિમૂર્તિ તરીકે જોવાની શક્તિ પ્રાપ્ત થવી એ કેળવણી અથવા માનસિક વિકાસનું સૌથી સુંદર ફળ છે. પ્રેમાળ અને ઉદાર આત્મા જ વિકાસની આટલી હદે પહોંચી વિકાસનું આ ફળ પ્રાપ્ત કરી શકે છે. ઉદાત્ત સ્વભાવના અને માયાળુ અને વિશાળ ચિત્તવાળા સ્ત્રી પુરુષો બીજાના દોષો તરફ દુર્લક્ષ કરે છે, અને તેઓ ઉચ્ચ ગુણોને ઉચ્ચતર બનાવવાને હંમેશાં તત્પર રહે છે. આપણે સૌ જાણ્યે અજાણ્યે પણ હંમેશાં બીજાના વિષે આપણા હૃદયમાં જે વિચારો બંધાયલા હોય છે તેનાથી તેઓનું ચારિત્ર્ય ઘડીએ છીએ. તમારા મિત્રોના અને તમે જેના સંપર્કમાં આવો છો તે સૌના જે ગુણો તમારી દૃષ્ટિએ પડે છે તેને તમે વિસ્તારવા સ્વાભાવિક રીતે જ પ્રવૃત્ત બનો છો. જો તમે લોકોના વર્તનની અધમ અને તિરસ્કારજન્ય બાજુ જોશો તો તેઓના દોષો તમારી દૃષ્ટિએ પડ્યા વગર રહેશે નહિં, પરંતુ જો તમે તેઓની સારી બાજુ જોશો તો તેઓના ઉચ્ચ, ઉદાર અને મહાન્ ગુણો જ તમારા જોવામાં આવશે, જેનાથી તેઓને માટે તમારા હૃદયમાં માન અને પ્રેમની લાગણી આવિર્ભૂત થશે અને તેના પરિણામે તમે આ ગુણોનો વિકાસ કરવામાં હંમેશાં સહાયભૂત થશો અને હલકા અયોગ્ય ગુણોને હાંકી કાઢશો; જગતમાં સર્વત્ર શક્તિનો આ પરોક્ષ વિનિમય પોતાનું કાર્ય કરે છે અને તેના અંતર્ગત સ્વભાવ પ્રમાણે અંતરાયભૂત અથવા સહાયભૂત બને છે.

પોતે અમુક દરજ્જે વિલક્ષણ છે એમ ધારવામાં ઘણા લોકો એક પ્રકારની ભૂલ કરે છે. તેઓ ધારે છે કે તેઓને પોતાના માતાપિતા તરફથી કેટલીક વિલક્ષણતાઓ અને પ્રવૃત્તિઓ વારસામાં મળી છે, અને પોતામાં તેનું પુનર્દર્શન થાય એમ હમેશાં તેઓ ઇચ્છતા હોય છે. વસ્તુઓનું પુનર્દર્શન સાધવાની આ જ રીત છે, કેમકે આપણે જે વસ્તુઓને આપણા મનમાં હમેશાં ઉત્તેજન આપીએ છીએ અથવા જે વસ્તુઓનો ખૂબ આગ્રહપૂર્વક વિચાર કર્યા કરીએ છીએ તે વસ્તુઓ આપણી તરફ ત્વરાથી આકર્ષાઈ આવે છે. આ ન્યાયે આવા લોકો અશુભ–અધમ વસ્તુઓની પ્રાપ્તિ માટે અવિરત શ્રમ કરતા હોવાથી અને તેની દુષ્ટ અસરનું પોતામાં આરોપણ કરતા હોવાથી તેની અધમતામાં ઉમેરો કરે છે. ખરેખરી અથવા કાલ્પનિક વિલક્ષણતાઓના સંબંધમાં તેઓ શીઘ્રગ્રાહી બને છે. તેઓને તે વિલક્ષણતાઓ વિષે બોલવું અથવા સાંભળવું જરા પણ રુચિકર નથી હોતું, છતાં પણ તેઓ તે વિલક્ષણતાઓ ધરાવે છે એવી તેઓની દૃઢ માન્યતા હોવાથી તેઓની આત્મશ્રદ્ધા લુપ્ત થાય છે અને તેની પ્રાપ્તિ અસંભવિત બને છે. આમાંની ઘણીખરી વિલક્ષણતાઓ સામાન્ય રીતે કેવળ કાલ્પનિક હોય છે, અથવા કલ્પનાશક્તિથી સંવર્ધિત કરવામાં આવે છે; પરંતુ તેઓનું પોષણ એટલા બધા લાંબા સમય સુધી કરવામાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કૌશામ્બીની રાણી મૃગાવતી

**શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી**

**શંકારૂપી ભૂત—**

"ખરે દુનિયામાં બળીઆના બે ભાગ છે. સાચની કદર જ નથી! એમાં પણ 'રાજા, વાજા ને વાંદરા, કદી ન રહે પાંસરા' એ જનવાયકા ખોટી તો નથી જ.

કળાકાર એટલે એની કંઇ કીંમત જ નહીં? કળાને વરેલો આત્મા જ સાચો કળાકાર બની શકે છે, એ આ ઘમંડી અને વિલાસમગ્ન રાજવીને કયાંથી સમજાય? સાચો કળાકાર પોતાના હાથને જરા પણ લાંછન લાગે તેવું ચિત્ર કદી પણ દોરતો નથી, અને તે જ પ્રમાણે દાતાના સોનૈયા નિરખી, કે ધનના ઢગલા જોઇ, નથી તો કળાનું ખૂન થવા દેતો કે નથી તો એ કળામાં આપનારની શરમથી અશોભનીક આલેખન કરતો. ભાટ–ચારણની બિરુદાવલી જેવું એનું જીવન હોય તો એ સાચો કળાકાર થઇ શકે જ નહીં.

પ્રથમ જિનેશ યુગાદિદેવે જેનું શિક્ષણ પોતાના સંતાનને સ્વમુખે આપ્યું, એ કળાની આજના યુગમાં કેવી વિડંબના પ્રવર્તી રહી છે! કળાના વ્યવસાયમાં પૂર્વજોના ચાલ્યા આવતા વારસાને પકડી રાખી આજે કેવું જીવન હું જીવું છું! મારા ગૃહજીવનમાં આજીવિકાના એ સાધન પ્રત્યે જનસમૂહના દુર્લક્ષ્યથી, હાલ્લા કુસ્તી કરે તેવી સ્થિતિ પ્રવર્તતી હોવા છતાં, કોઇકવાર ભૂખે પેટે સુવાનો વખત આવ્યા છતાં, કળાદેવીને શરમીંદા બનવું પડે એ રીતે આલેખન કર્યું, અને નથી તો એના પ્રત્યેની અથાગ ભક્તિમાં ઊણપ આવવા દીધી!

અહા! પણ આજે મારા એ એકનિષ્ઠ જીવનના બદલામાં મને કેવો શીરપાવ પ્રાપ્ત થયો! મહિનાઓની મહેનત ઉપર પાણી ફરી વળ્યું! શીર પર વ્યભિચારી જેવું–સહન ન થઈ શકે તેવું–દૂષણ ચોંટયું,

---

આવ્યું હોય છે અને તેઓના ઉપર એટલા બધા લાંબા કાળ સુધી વિચારો કરવામાં આવ્યા હોય છે કે તેઓ ખરેખરી હોય એમ તેઓને લાગે છે. આનો ઉપાય આથી તદ્દન વિરુદ્ધ વર્તવામાં એટલે કે પૂર્ણ ગુણોને સ્વીકારવામાં અને કોઇ પણ સ્થૂળતાને વિસારવામાં રહેલો છે. જો તમે ધારતા હો કે તમારા પોતામાં વિલક્ષણતા છે તો યથાક્રમ સ્વાભાવિક વિચાર કરવાની ટેવ પાડો. હમેશાં એમ જ કહો અને એમ જ વિચાર કરો કે "**મારામાં કશી વિલક્ષણતા નથી. જે વિલક્ષણતાઓ મારી પ્રગતિને અટકાવે છે તે કાલ્પનિક જ છે. હું પૂર્ણતાની પ્રતિમૂર્તિ છું અને તેથી મારા માનવા પ્રમાણે મારામાં જે અપૂર્ણતાઓ કે સ્ખલનાઓ રહેલી છે તે ખરેખરી હોઇ શકે જ નહિ; કેમકે મારા અસ્તિત્વનું સત્ય ખરેખરું છે. જો મારા વિચારમાં વિષમભાવનાઓની ઉત્પત્તિ ન હોય તો મારી આસપાસ તેઓ હોઇ શકે જ નહિ.**" જો તમે આગ્રહપૂર્વક તેમ જ ઉલ્લાસપૂર્વક મનની અંદર નિરંતર આ પ્રમાણે મનન કરશો તો જે તમને વિષમ લાગે છે તે તમે વિસરી જશો. તે સત્વર અદૃશ્ય થશે અને તમારામાં તથા બીજા લોકોમાં ઘણો ભેદ નથી એમ ખાતરી થવાથી તમને ગુમાવેલી આત્મશ્રદ્ધાની પુનઃ પ્રાપ્તિ થશે.

કેટલીક વખત શરમાળપણું એક વ્યાધિસમાન થઇ પડે છે; પરંતુ તે કલ્પનાસૃષ્ટિમાંથી ઉત્પન્ન થાય છે. તેથી મનમાંથી તેનો વિચાર કાઢી નાખી તે વ્યાધિને સુગમતાથી વશ કરી શકાય છે. "શરમાળપણા તરફ કોઇનું લક્ષ પણ નથી. લોકો એટલા બધા સ્વાર્થપરાયણ છે કે પોતાના હેતુઓ સાધવામાં અત્યંત પ્રવૃત્તિશીલ રહે છે, જેથી તેઓને શરમાળપણા તરફ જોવાનો અવકાશ નથી." આવા પ્રકારના વિરોધી વિચારને મનમાં સ્થાન આપવાથી શરમાળપણાના વ્યાધિનો પરાજય કરી શકાય છે. (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને એટલું જાણે ઓછું હતું એટલે જે હાથની મદદવડે મારી એ દેવીને રીઝવતો, અને એ દ્વારા જીવનનિર્વાહ અર્થે જે આજીવિકા મેળવતો, તેના આંગળાનો છેદ થયો !

ભલે હું રાજવી જેટલો સમૃદ્ધિશાળી નથી. મારામાં એના પગરખામાં પગ મૂકવાની પણ શક્તિ નથી, છતાં હું પણ એક માનવપ્રાણી છું. મારામાં પણ માન–અપમાનની લાગણી રહી છે. આખરે હું છું એક કલાકાર. કલાકારનું અપમાન એ કળાની દેવીનું અપમાન છે. એ સહ્યું જાય તેમ નથી જ."

ઉપરના ઉદ્ગાર એક સિદ્ધહસ્ત ચિત્રકારના છે. કૌશામ્બી નગરીના એક મહોલ્લામાં આવેલ એક નાનકડા આવાસની અટારીએ ઉભેલા એક પ્રૌઢ ચિત્રકારના ચહેરા ઉપર ચિંતાના વાદળ ઘેરાયેલા દષ્ટિગોચર થાય છે અને મુખમાંથી ઉપર વર્ણવી ગયા તેવા શબ્દો બહાર નીકળી રહ્યાં છે. એ ઉપરથી સહજ અનુમાની શકાય તેમ છે કે એને રાજવી તરફથી ભારે અન્યાય થયો છે.

વાત સાચી છે. કૌશામ્બીપતિ શતાનીકે પોતાના શયનગૃહ સામે આવેલ બેઠકમાં કળામય ચિત્રો આલેખવા સારુ આ જાણીતા ચિત્રકારને રોકયો હતો. એણે પણ પોતાના વર્ષોની એકધારી ઉપાસનાને ફળ બેસવાનો સમય પ્રાપ્ત થયેલ જોઇ કુદરતના વિવિધ દશ્યો એવી સુંદર રીતે આલેખવા શરૂ કર્યા હતા કે જેથી જોનારના દિલ રંજિત થયા વિના રહેતા નહીં. જનવાયકા એવી હતી કે આ ચિત્રકારને કોઇ દેવી પ્રસન્ન હતી કે જેના સાનિધ્યથી એ આબેહૂબ આકૃતિઓ આલેખી શકતો. વાત ગમે તેમ હોય પણ એટલું તો તથ્ય હતું જ કે તે એકાદ નાનકડી ચીજના દર્શનથી, એનું આખુંયે સ્વરૂપ કલમમાં ઉતારી શકતો અને એ માટે ચિત્રકળાદક્ષ તેમજ સિદ્ધહસ્ત કળાકાર જેવા બિરુદો તેને પ્રાપ્ત થયા હતા. યુવાન વયના આંગણે રમતા શતાનીક નૃપને વૈભવ વિલાસ માણવાના સાધનોની ઉણપ નહોતી. અધૂરામાં પૂરું એ હતું કે વૈશાલીપતિ ચેટકરાજની પુત્રી **મૃગાવતી** સાથે એ લગ્નગ્રંથીથી જોડાયેલ હતો.

**મૃગાવતીનું** સૌન્દર્ય અજોડ હતું. રમણીઓને તેમના જુદા જુદા અંગોની શોભા આશ્રયી જુદી જુદી રીતે ઉપમાઓ અપાયેલી સાહિત્યના પાને જોવાય છે. જેવી કે 'મૃગનયની', 'કમલલોચના', 'ગજગામિની', 'ચંદ્રકાન્તા', 'શશીમુખી'. પણ આ **મૃગાવતી** તો સર્વાંગે સંપૂર્ણ હોવાથી અને એ સાથે જ્ઞાનગંગામાં બાલ્યકાળથી વિહરેલી હોવાથી એના માટે ઉપર વર્ણવી તેવી ઉપમાઓ અધૂરી જણાતી. ટૂંકામાં કહીયે તો મૃગાવતી જેવી રૂપસુંદરીને મેળવીને રાજવી શતાનીક ભાગ્યશાળીઓમાં અગ્રણી બન્યો હતો. જ્યાં દરેક પ્રકારની સાનુકૂળતા વિસ્તરેલી હોય ત્યાં સ્હેજે મન ચિત્રકળા પ્રતિ આકર્ષાય. એમાં શતાનીક નૃપ અપવાદરૂપ ન ગણાય. મનોહર ચિત્રશાળાના સર્જન માટે સિદ્ધહસ્ત ચિત્રકાર તરફ એની નજર ગઇ, અને જે સમયની આ વાત કરીએ છીએ એ કાળે તો લગભગ પોણાભાગનું ચિત્રકામ પૂરું પણ થવા આવ્યું હતું. 'ભાગ્યશાળીને ત્યાં ભૂત રળે' એ જેમ સાચું છે તેમ 'અભાગીને હાથમાં આવેલ લક્ષ્મી પણ ચાલી જાય' તે પણ સાચું જ છે. નીતિકારોએ એ માટે મજેનું ઉદાહરણ આપ્યું છે.

જેના માથે ટાલ પડી છે એવો એક મુસાફર ગ્રીષ્મઋતુમાં બપોરે શિર પર લાગતી ગરમીથી બચવા અને થોડી વિશ્રાન્તિ મેળવવા, એક તાલવૃક્ષના છાયામાં જઈ જરા આડે પડખે થયો. પણ નસીબ ચાર ડગલાં આગળનું આગળ એ ન્યાયે ઝાડ ઉપરથી એક પાકું થયેલું ફળ એકાએક ખરી પડી એના વાળવિહૂણા માથા ઉપર પડયું અને એનું માથું ફૂટી ગયું ! આ બનાવથી સહજ જોઇ શકાય છે કે માત્ર ઉદ્યમ કારગત નિવડતો નથી, પણ એ સાથે ભાગ્યનો યોગ સંકળાયેલો હોય છે તો જ લાભ મળે છે. એથી જ શાસ્ત્રકારોને થાળી પીટી કહેવું પડયું છે કે—

**'જ્યાં જ્યાં નિર્ભાગીના પગલા પડે છે**
**ત્યાં ત્યાં આપદાઓ ખડી થાય છે!'**

ચિત્રશાળાની સામે અંતઃપુર હોવાથી એકદા ત્યાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પસાર થતી રાણી મૃગાવતીના પગનો અંગૂઠો આ ચિત્રકારના જોવામાં આવ્યો. એ ઉપરથી ચિત્રકારે, સર્જેલા નૈસર્ગિક ચિત્રોને વધુ ઓપ આપવા એના એકાદ ખૂણે રૂપરમણી મૃગાવતીનું મનોહર ચિત્ર આલેખ્યું. તેણીની ડાબી જાંગ ઉપર રેખાંકન કરતાં એક કાળું ટપકું પડી ગયું. ચિત્રકાર પોતાના સર્જનથી ખુશ ખુશ થઇ ગયો. ફક્ત એને આ કાળું ટપકું ખુચ્યું. એ કાઢી નાંખવા તેણે ત્રણ વાર પ્રયત્ન કર્યો, પણ એ જ્યાં દૂર કરી ચિત્ર કેવું જણાય છે એ જોવા જરા પાછો હઠે કે પેલું ટપકું ત્યાં હાજર હોય જ. આ ઉપરથી એણે વિચાર્યું કે મને આબેહૂબ ચિત્ર દોરવાનું વરદાન મળ્યું છે એ જોતાં રાણીજીના પગે જરૂર એકાદા તલનું ચિહ્ન હોવું ઘટે. એ વિના આવું વારંવાર ઉદ્દભવે નહી યથાર્થતા દૂર થવી મુશ્કેલ છે. આમ તલસૂચક ટપકું એ મનોહર ચિત્રમાં કાયમ રહ્યું.

રાજવી જ્યારે જોવા પધાર્યા ત્યારે કળાકારનું અદ્દભુત સર્જન જોઇ મંત્રમુગ્ધ બની ગયા. એણે ન્યાલ કરી દેવાનો વિચાર પણ કરી ચૂકયા. 'કાગનું બેસવું અને તાડનું પડવું' એ ન્યાયે એકાએક પોતાની પ્રેયસીના ચિત્ર પ્રતિ દૃષ્ટિ ચોંટી રહી. અંતઃપુરમાં વસનાર અને વસ્ત્રાલંકારથી સજ્જિત કામિનીને પગે આવા તલનું ચિહ્ન છે એ આ ચિત્રકાર કયાંથી જાણે? નક્કી દાળમાં કંઇ કાળું છે. 'રાજા કાનના કાચા' એ જનવાયકા સાવ ખોટી નથી જ. બુદ્ધિશાળી પ્રધાનોવડે જ રાજ્ય સંચાલન સુલભતાથી થઇ શકે છે. બાકી રાજવીઓની સાહસિકતા, ઉતાવળીઆપણું અને અદર્શિતારૂપી ત્રિવેણીએ ઘણાને ડુબાવા દીધા છે. નહિં જેવી વાતમાં વૈરના વટોળ જન્માવ્યા છે અને પ્રજાને ભયંકર સ્થિતિમાં ધકેલી દીધી છે!

શંકા જન્મી તો જરા ધીરજ રાખી કામ લીધું હોત તો ભાવી જે રીતે જોખમકર્ત્તા નિવડયું એ ન બનવા પામત. કયાં તો ચિત્રકારને પૂછયું હતે, કિંવા મૃગાવતી સાથે વાત કરી હોત તો, સહજ એ શંકાનું નિરાકરણ થઇ જાત. પણ 'ઉતાવળા સો બાવરા' એ કહેવત શતાનીક નૃપને યાદ આવી જ નહીં. કંઇ પણ ઉચ્ચાર કર્યા વગર ચિત્રશાળા એ છોડી ગયા; અને કોટવાલને, ચિત્રકારે જે હાથે આલેખન કર્યું હતું એ હાથના આંગળા છેદવાનો તેમજ એને કાઢી મૂકવાનો હુકમ કર્યો.

એ કાળ દલીલનો ન હોતો. રાજાની આજ્ઞા એટલે અમલ કર્યે જ છૂટકો. કોટવાલ તો ચીઠ્ઠીનો ચાકર. એના હાથે અમલ થયો અને પૂર્વે જોઇ ગયા તેમ એક સિદ્ધહસ્ત કળાકાર રાજવીનો દુશ્મન બની બેઠો.

જેના અંતરમાં વૈરનો પ્રતિશોધ કરવાની ચિરાગ પ્રગટી ઉઠી છે એવો એ ચિત્રકાર પુનઃ કળાની દેવીને પ્રસન્ન કરવામાં એકતાર બન્યો. એ યુગના વચનોમાં કહીએ તો દેવીએ પ્રસન્ન થઇ, ડાબા હાથે એવી જ કળાકૃતિ આલેખી શકીશ એવું વરદાન આપ્યું. આજના વિજ્ઞાન તરફ જોઇ વદીએ તો અભ્યાસના બળે ચિત્રકારે સુંદર ને સચોટ આલેખન કરવાની શક્તિ બીજા હાથે મેળવી. આ જાતની સિદ્ધિ મેળવી, તેણે પોતાના પરિવાર સહિત કૌશામ્બીમાંથી ઉચાળા ભરવાનું કામ પ્રથમ કર્યું. શતાનીક ભૂપ સાથે જેને વૈમનસ્ય હતું એવા અવંતીદેશમાં એ આવી પહોંચ્યો. થોડો કાળ એણે ત્યાં ઠરી ઠામ થતાં લાગ્યો. આ સમય દરમીઆન એના અંતરમાં વૈર લેવાની ચિરાગ સતત્ જળતી હતી. જ્યાં ચિત્રકળા દ્વારા, પોતાની આજીવિકા સરલતાથી ચાલી શકે એવી સ્થિતિ પ્રાપ્ત કરી કે એણે પોતાને થયેલા અન્યાયનો ઉપાય શોધવામાં ચિત્ત પરોવ્યું. એ જાણતો હતો કે પોતે જે કંઇ કરી શકે તે પોતાની કળાના આધારે જ. આસપાસના વાતાવરણમાં પ્રચલિત જનવાયકાથી એ જાણી શકયો કે આ દેશનો માલિક ચંડપ્રદ્યોત વિલાસી અને કામી છે. તેણે 'મૃગાવતી' ને પોતાની રાણી કરવાનો મનોરથ હતો, પણ તેણીની પસંદગી શતાનીક ઉપર ઉતરી; અને પોતાને એની ભગિની 'શીવા' સાથે લગ્ન ગ્રંથીથી જોડાવાનું બન્યું. એક રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## સભાનો વાર્ષિક ઉત્સવ

આ સભાનો ૫૯ મો વાર્ષિક મહોત્સવ જેઠ શુદ ૨ ના ઉજવવામાં આવતા સભાના સભ્યો તળાજા મુકામે ગયા હતા. ત્યાં સ્વ. વોરા હઠીચંગ ઝવેરભાઇ તરફથી મળેલ આર્થિક સહાય તેમજ તેમના ધર્મપત્ની હેમકોર બહેને અપવાની રૂા. પંદર સોની રકમના વ્યાજમાંથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવેલ તેમજ તાલધ્વજગિરિ ઉપર નવાણું પ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી.

## નવવિધાન–પ્રવાસ

ભારતના નવવિધાનના સ્થળોના અવલોકન અને અભ્યાસને અંગે ગુજરાત યુવક કોંગ્રેસ તરફથી એક યાત્રા–પ્રવાસ ટ્રેન યોજવામાં આવેલ, જેમાં ભાવનગરના કેટલાક યુવાન ભાઇઓ ગયા હતા. કેટલાક વેપારી જૈન યુવાનોએ પણ આ પ્રવાસનો લાભ લીધો હતો.

પ્રવાસે ગયેલ યુવાનોના અનુભવો સાંભળવા માટે તા. ૩૧–૫–૫૫ ના રોજ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા તથા શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા તરફથી પ્રસારક સભાના હોલમાં એક જાહેર સભા યોજવામાં આવેલ, જેનું પ્રમુખસ્થાન શ્રીયુત બળવંતરાય મહેતાએ સ્વીકાર્યું હતું. આ પ્રસંગે પ્રવાસી શ્રી મનુભાઇ શેઠ, શ્રી મોહનલાલ સલોત તથા શ્રી ચંદ્રકાન્ત શેઠે પ્રવાસના પોતાના અનુભવો રજૂ કર્યાં હતાં. છેવટ પ્રમુખસ્થાનેથી શ્રી બળવંતરાય મહેતાએ ભારતના ઉત્થાન માટે આજે જે જે નવવિધાનો થઇ રહ્યા છે તેનો સુંદર ખ્યાલ આપ્યો હતો.

## પંચાસરા પાર્શ્વનાથ જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ.

મહારાજાધિરાજ શ્રી વનરાજ ચાવડાના સમયમાં આચાર્ય શ્રી શીલગુણસૂરીશ્વરજીના ઉપદેશથી બાંધવામાં આવેલ શ્રી પંચાસરા પાર્શ્વનાથનું ભવ્ય જિનાલય એ પાટણના જિનાલયોમાં અગ્રસ્થાન ભોગવે છે. અતિ પ્રાચીન આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરવાની અગત્ય ઊભી થતાં બાબુસાહેબ પન્નાલાલ પુનમચંદજીએ એક મોટી રકમ કાઢી હતી અને જીર્ણોદ્ધારના કાર્ય માટે ટ્રસ્ટીઓ નિયુક્ત કરી તે રકમ તેઓને સુપ્રત કરવામાં આવેલ.

સં. ૧૯૯૮માં આ મંદિર નવેસરથી તૈયાર કરવાનું નક્કી થતાં કા. વ. ૫ ના બાબુ ભગવાનલાલજી તથા બાબુ મોહનલાલજીના હસ્તે તેનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું, અને સવા સાત લાખના ખરચે આ ભવ્ય જિનાલય તૈયાર કરવામાં આવ્યું, અને જેઠ શુ. ૫ ના પ્રતિષ્ઠા કરવાનું નક્કી કરવામાં આવતા વૈ. વ. ૧૧ થી ધામધૂમપૂર્વક મહોત્સવ શરૂ કરવામાં આવેલ.

---

ઉભય ' સાહુભાઈ ' ગણાય; આમ છતાં નીતિકારના વચન મુજબ ' કામાંધને લજ્જા કે ભય ' હોતો નથી. છળપ્રપંચ કે કૂટનીતિથી એ હજુ પણ રૂપશાલિની મૃગાવતીને મેળવવા આતુર હતો.

' ભાવતું હતું ને વૈદે કહ્યું ' એ મુજબ ચિત્રકારે ' કાંટાથી કાંટો કહાડવાનો ' નિશ્ચય કર્યો. ચંડપ્રદ્યોત શતાનીકના ઉપર ચઢી જાય, અને બળથી મૃગાવતીને હાથ કરે એવો ઉપાય એણે શોધ્યો. ' મૃગાવતી ' આમ તો સૌન્દર્યની પ્રતિમા હતી જ અને અંગૂઠાદર્શને એનુ આબેહૂબ રૂપ ચીતરવાની શક્તિ ચિત્રકારે મેળવી હતી, એ વાત આપણે જોઇ ગયા છીએ. ચિત્રકારે રાણી મૃગાવતીનું મનોહર ચિત્ર પટ ઉપર આળેખ્યું. જોતાં જ હરકોઇ મુગ્ધ બની જાય એ રીતે રંગપુરણી કરવામાં અને દેહરચનામાં તથા વસ્ત્રપરિધાનમાં જરા પણ કચાશ ન રાખી. ચિત્ર તૈયાર કરી એ પહોંચ્યો રાજવી ચંડપ્રદ્યોતના દરબારમાં. માન–અકરામ અને શિરપાવ સારો મળ્યો. એટલું જ નહીં પણ લાંબા કાળની ઇચ્છા પરિપૂર્ણ થવાનો યોગ સાંપડ્યો એ વાત હવે પછી. ( ચાલુ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રસંગે આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ, આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ, આ. વિજયપ્રતાપસૂરીશ્વરજીના પ્રશિષ્ય મુનિ યશોવિજયજી આદિ મુનિવર્યો ખાસ પધાર્યા હતા.

મહોત્સવ દરમિયાન તા. ૨૫મીએ રથયાત્રાનો વરઘોડો ભવ્ય રીતે ચઢાવવામાં આવેલ, વરઘોડામાં પંજાબી સંગીતકાર ઘનશ્યામની તથા બ્હેનોની ભજન મંડળી, બાબુ પન્નાલાલના ટ્રસ્ટમાંથી જીર્ણોદ્ધાર કરાવતા બાબુ વિજયકુમાર ભગવાનદાસ ૧૬ બળદ જોડેલ રથમાં સારથી તરીકે બેઠેલ, વગેરે દ્રશ્યો સૌની નજર ખેંચતા હતા. જેઠ શુ. ૫ના રોજ બાબુ વિજયકુમારના હસ્તે પ્રતિષ્ઠા ધામધૂમથી કરવામાં આવેલ છે.

પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન અને ત્યારબાદ આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજના ચાલુ વ્યાખ્યાનો તથા જાહેર વ્યાખ્યાનનો લાભ પાટણની જનતાએ રસપૂર્વક સારા પ્રમાણમાં લીધો. તેઓશ્રી પ્રતિષ્ઠા બાદ અમદાવાદ તરફ પધાર્યા છે. વિહાર સમયે પાટણે તેઓશ્રીને ભાવ-ભીની વિદાય આપી અપૂર્વ માન આપ્યું હતું.

## સમાધિમંદિરની પ્રતિષ્ઠા

નવયુગપ્રવર્તક યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સં. ૨૦૧૦ ના ભા. વ. ૧૧ ના મુંબઈખાતે કાળધર્મ પામ્યા ત્યારે તેઓશ્રીનો અગ્નિસંસ્કાર ભાયખાલાખાતે મોતીશા પાર્કમાં કરવામાં આવેલ અને ગુરુદેવની સ્મૃતિ કાયમ જળવાય રહે તે માટે આ સ્થળે એક ભવ્ય સમાધિમંદિર બાંધવાનો ઠરાવ કરવામાં આવેલ. આ નિર્ણય મુજબ કળાયુક્ત સમાધિમંદિર તૈયાર કરવામાં આવતા જેઠ શુ. ૧૨ ના ચરણપાદુકા તથા પટ્ટનું સ્થાપન ચાલીશ હજારની માનવમેદની વચ્ચે કરવામાં આવેલ છે.

આ પ્રસંગે આ. વિજયલલિતસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન ઉપાધ્યાય શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ આદિ પધાર્યા હતા.

## વિદ્યાર્થિની જૈન સ્કોલરશિપ

મુંબઈ યુનિવર્સિટિની એન્ટ્રન્સ અગર તો એસ. એસ. સી. પરીક્ષામાં સર્વથી વિશેષ ગુણ પ્રાપ્ત કરનાર અને કોલેજમાં આગળ અભ્યાસ કરવાની કબુલાત આપનાર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થિનીને "શ્રીમતી લીલાવતી ભોળાભાઈ મોહનલાલ ઝવેરી જૈન સ્કોલરશિપ" આપવામાં આવશે. અરજી પત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ગોવાળીઆ ટેંક રોડ, મુંબઈ ૨૬ ની ઓફીસેથી મળશે. અરજીપત્રક ૫ મી જુલાઈ ૧૯૫૫ સુધી સ્વીકારવામાં આવશે.

## દીક્ષા

મોટામાંઢાનિવાસી શેઠ માણેકચંદ પ્રેમચંદના પુત્ર કેશવજીભાઈને લોનાવાલાખાતે વૈ. શુ. ૭ ના પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના હસ્તે દીક્ષા આપવામાં આવતા નવદીક્ષિતનું નામ મુનિ શ્રી વજ્રસેનવિજયજી રાખી તેઓશ્રીને મુનિ શ્રી કુન્દકુન્દવિજયજીના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

# સ્વીકાર–સમાલોચના

**Jainism in Gujarat** :—લેખક ચીમનલાલ ભાયલાલ શેઠ એમ. એ. એલએલ. બી. બી. ટી. પ્રકાશક: શ્રી ગોડીજી જૈન ટેમ્પલ અને ચેરીટીઝના ટ્રસ્ટીઓ, પાયધુની મુંબઈ. ૩. સાઈઝ ક્રાઉન ૧૬, પેજી પૃષ્ઠ ૩૦૦, મૂલ્ય રૂા. પાંચ.

ભારતીય સંસ્કૃતિના ઘડતરમાં જૈન સંસ્કૃતિનો ફાળો નોંધપાત્ર છે, તેમ ગુર્જર સંસ્કૃતિના ઘડતરમાં જૈન સંસ્કૃતિ હંમેશાં મહત્વનો ભાગ ભજવતી આવી છે. ગુર્જર સાહિત્ય, ગુર્જર સ્થાપત્ય, ગુર્જર રાજકારણ અને ગુજરાતના દરેક અંગોમાંથી જો જૈન તત્વ બાદ કરવામાં આવે તો જરૂર તે અંગ ફીકકું લાગે, પરંતુ આ રીતે હજુ ઐતિહાસિક સંશોધન આપણે કર્યું નથી.

ભારતીય ઐતિહાસિક સંશોધનના ક્ષેત્રમાં કાર્ય કરી રહેલ શ્રી સેન્ટ ઝેવીયર્સ કોલેજ (મુંબઈ)ના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રો. રેવ. એચ. હેરસ. એસ. જે. નું ત્રીશ વરસ પહેલાં ઉપરોક્ત બાબત તરફ લક્ષ ખેંચાયું, અને ઉત્તર–દક્ષિણ ભારતના ઘડતરમાં જૈન સંસ્કૃતિએ જે ફાળો આપ્યો છે તેનો કડીબદ્ધ ઇતિહાસ તૈયાર કરવાની વિચારણા તેમના શિષ્યવર્ગમાં જાગી. પરિણામે "જૈનીઝમ ઇન નોર્થ ઇન્ડીયા" અને એવા બીજા પ્રકાશનો બહાર આવ્યાં. આ ગ્રંથના લેખક મી. સી. બી. શેઠે પણ જૈનીઝમ ઉપર લખવાની પ્રેરણા મેળવી, અને તેના પરિપાકરૂપ આ પુસ્તક પ્રગટ કરવામાં આવેલ છે.

આજથી પાંચ સો વરસ પહેલા, એટલે ૧૧૦૦ થી ૧૬૦૦ સુધીમાં ગુજરાતના ઘડતરમાં જૈનોએ શું ફાળો આપ્યો છે તેનો ખ્યાલ આ ગ્રંથમાં આપવામાં આવ્યો છે એટલે ગુર્જરપતિ સિદ્ધરાજ, કુમારપાળ અને વસ્તુપાળ–તેજપાળના જીવનની કંડિકાઓ આમાં રજૂ કરવામાં આવી છે. વધુમાં વાઘેલા યુગ, સોમસુંદર યુગ અને ૧૪મી–૧૫મી સદીના ઝળકતા જૈનત્વનો પણ આમાં ઉલ્લેખ છે. આમ તો ગુજરાતનું ઘડતર મોટા ભાગે જૈન કર્મ–વીરોના હાથે જ થયું છે, અને જો ઊંડું સંશોધન કરવામાં આવે તો ગુજરાતના રાજકારણમાં, સ્થાપત્યમાં, સમાજરચનામાં, સાહિત્યઘડતરમાં અને તમામ અંગોમાં જૈનોએ આપેલ ફાળો ઘણો મોટો છે, પરંતુ એ દિશામાં હજી પૂરો પ્રયાસ થયો નથી. શ્રીયુત ચીમનભાઇનો આ પ્રથમ પ્રયાસ છે અને પ્રમાણમાં તે સફળ થયો છે તેમ કહી શકાય.

વિજયદેવસૂર સંઘે આવું ઉપયોગી સાહિત્ય પ્રગટ કરવાની કાળજી દર્શાવી તે અભિનંદનને પાત્ર છે. ભારતીય સંસ્કૃતિના ઘડતરમાં જૈનોએ જે ઉજ્વળ હિસ્સો આપ્યો છે તેનું આ રીતે સંશોધન કરીને જનતા સમક્ષ રજૂ કરવાનો આ પ્રયાસ ચાલુ રહે તો એ આવકારદાયક સાહિત્ય-સેવા ગણાશે.

બને તો આ પુસ્તક ગુજરાતીમાં પણ પ્રગટ કરવાની જરૂર છે. અમો લેખક તથા પ્રકાશકને ફરી ધન્યવાદ આપી જનતા આ સાહિત્યનો યોગ્ય સત્કાર કરતી રહે તેમ ઇચ્છીએ છીએ.

**દૃષ્ટાંત કથાઓ ભા. ૧–૨** લેખક શ્રી નાનાભાઇ ભટ્ટ, પ્રકાશક શ્રી સર્વોદય સહકારી પ્રકાશન સંઘ લિ. રાજકોટ તથા ભાવનગર ભા. ૧ લો. પૃષ્ઠ ૧૦૪ મૂલ્ય ૧–૨–૦. ભા. ૨ જો પૃષ્ઠ ૮૦ મૂલ્ય આના તેર.

ભાગવત પુરાણના જ્ઞાન અને ભક્તિના રહસ્યો આમજનતાને સરળતાથી સમજાવવા માટે આ કથાઓ લખવામાં આવી છે. શ્રી નાનાભાઇ ભટ્ટનું નામ એક સફળ સાહિત્યસેવક તરીકે સુવિખ્યાત છે. એટલે તેઓશ્રીના હસ્તે લખાએલ આ કથાઓ માટે વધારે કહેવાની અગત્ય નથી. બલકે આ કથાઓ વાંચવા પછી આપણા આગમ સાહિત્યને આમ જનતા સમક્ષ મૂકવા માટે આવી દૃષ્ટાન્ત કથાઓ જો રચવામાં આવે તો જૈન સાહિત્યના વ્યાપક પ્રચાર માટે એ એક ઉપયોગી પ્રયાસ ગણાશે તેવી પ્રેરણા આ કથાઓમાંથી મળી રહે છે.

**શ્રી સજ્ઝાયમાળાઃ** સંપાદક: મુનિ ચંદનસાગરજી ગણિવર્ય પ્રકાશક: શ્રી ચંદનસાગર જ્ઞાનભંડાર. વેજલપુર (પંચમહાલ). પૃષ્ઠ ૭૬ મૂલ્ય ૦–૧૦–૦.

કેટલીક ઉપયોગી સજ્ઝાયોનો સંગ્રહ આ નાનકડા ગ્રંથમાં કરવામાં આવ્યો છે.

**શ્રી નવસ્મરણ અને ગૌતમસ્વામીનો રાસ:** સંપાદક મુનિશ્રી ચંદનસાગરજી મહારાજ. પ્રકાશક: ચંદનસાગર જ્ઞાનભંડાર. વેજલપુર (પંચમહાલ)

નિત્ય સ્મરણમાં ઉપયોગી થાય તેવો આ નાનકડો સંગ્રહ છે. આવા પ્રકાશનમાં શુદ્ધિ ઉપર વધુ લક્ષ આપવાની જરૂર છે.

**जैनधर्म और उसका प्राचीनत्व:** લેખક: પંન્યાસ શ્રી સુશીલવિજયજી ગણિ. હિન્દીમાં અનુવાદક શ્રી રંજન પરમાર. પ્રકાશક વિજયલાવણ્યસૂરીશ્વરજી જ્ઞાનમંદિર–બોટાદ (સૌરાષ્ટ્ર)

જૈનધર્મની પ્રાચીનતા પૂરવાર કરતા કેટલાક વિધાનો તથા જૈનધર્મની મહત્તા અને પ્રાચીનતાનો સ્વીકાર કરતા જગતના આગેવાન વિદ્વાનોના અભિપ્રાયોનો ઉપયોગી સંગ્રહ પંન્યાસશ્રી સુશીલવિજયજી ગણિએ તૈયાર કર્યો હતો તેનો હિન્દી અનુવાદ આ ટ્રેક્ટમાં રજૂ કરવામાં આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ ॥ श्रेयस्कर-विघ्नहर-श्रीशंखेश्वरपार्श्वनाथजिनेन्द्राय नमः ॥

॥ श्रीमद् आचार्यदेव-श्रीविजयानंदसूरीश्वरजीपादपद्मेभ्यो नमः ॥

# શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરનો

## ૫૮ મા વર્ષનો

# રિપોર્ટ

(સંવત ૨૦૧૦ ના કાર્તિક શુદિ ૧ થી આસો વદિ ૦)) સુધી)

**માન્યવર પ્રમુખ મહાશય અને પ્રિય સભાસદ બંધુઓ—**

પરમ આરાધનીય દેવ, ગુરુ અને ધર્મ--એ રત્નત્રયીની પવિત્ર ભક્તિ કરતી, તેમની પરમકૃપાથી દિવસાનુદિવસ પ્રતિષ્ઠા તેમજ ગૌરવમાં અભિવૃદ્ધિ કરતી આપણી સભાનો અઠ્ઠાવનમા વર્ષનો આવક-જાવક, કાર્યવાહી તેમજ સરવૈયું વગેરેનો રિપોર્ટ રજૂ કરતાં અમો અત્યંત હર્ષની લાગણી અભિવ્યક્ત કરીએ છીએ.

આગલા વર્ષોની કાર્યવાહીથી આપ તે તે વર્ષના પ્રગટ થયેલા રિપોર્ટથી પૂર્ણ પરિચિત છો. પ્રસ્તુત અઠ્ઠાવનમા વર્ષમાં થયેલી કાર્યવાહી અને આવતા વર્ષનું બજેટ આપ સમક્ષ રજૂ કરવામાં આવે છે, જેથી આપને ખાત્રી થશે કે આપ સર્વના સહકારથી અને પૂજ્ય ગુરુદેવની અસીમ સત્કૃપાથી સભાના ઉત્તરોત્તર વિકાસમાં અભિવૃદ્ધિ થતી જાય છે.

સભા હસ્તકના કાર્યોમાં અને તેમાંય ખાસ કરીને જ્ઞાનોદ્ધાર (જ્ઞાનભક્તિ, સાહિત્ય પ્રકાશન) સંબંધમાં પરમ પૂજ્ય ગુરુદેવોની સલાહ-સૂચનાને અનુસરવામાં આવે છે. લોકાપવાદનો પણ વિચાર કરીને સભાની લેવડ-દેવડ તથા વહીવટ સુવ્યવસ્થિત રીતે ચલાવવામાં આવે છે; તેમજ ધાર્મિક ફરમાનને કોઇ પણ જાતની અડચણ ન આવે તેનો પણ પૂરેપૂરો ખ્યાલ રાખવામાં આવે છે.

**સ્થાપના—**આ સભાની સ્થાપના **વિ. સં. ૧૯૫૨ ના દ્વિતીય જેઠ શુદિ બીજના** રોજ પ્રાતઃસ્મરણીય **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી** (શ્રી આત્મારામજી) મહારાજના પુણ્ય-નામાભિધાનથી ગુરુભક્તિ નિમિત્તે, તેમના સ્વર્ગવાસ પછી માત્ર પચીસમે દિવસે મંગળ મુહૂર્તે કરવામાં આવેલ છે. આજે આ સંસ્થા ૫૮ વર્ષ પરિપૂર્ણ કરી **ઓગણસાઠમા** વર્ષમાં પ્રવેશ કરે છે તે પરમકૃપાળુ ગુરુદેવની અપ્રતિમ કૃપાનું જ ફળ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉદ્દેશ**—જૈનશાસ્ત્રો અને સાહિત્યનો ફેલાવો જૈન તેમજ જૈનેતરોમાં ભારત તેમજ પરદેશમાં થાય તથા સમાજમાં જ્ઞાન તથા ધાર્મિક અને વ્યવહારિક કેળવણી વધે તે આ સંસ્થાનો ઉદ્દેશ છે અને આ ઉદ્દેશ સફળ કરવા તેને લગતી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવી તે આ સંસ્થાનું કાર્યક્ષેત્ર છે.

**સભ્યોના પ્રકારો**—

એકવીશ વર્ષની ઉંમર પૂરી કરી હોય તેવી કોઇ પણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વ્યક્તિ ( પુરુષ અથવા સ્ત્રી ) અથવા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સંસ્થા કે જ્ઞાનભંડાર નીચે મુજબ આ સંસ્થાના સભ્ય થઇ શકશે.

( ૧ ) આ સંસ્થાને એકી સાથે રૂા. ૫૦૧) કે તેથી વધારે રકમ આપનાર આ સંસ્થાના **આશ્રયદાતા** ( Patron ) ગણાશે.

**નોંધ**—સંઘ, સંસ્થા કે જ્ઞાનભંડાર આશ્રયદાતા થઇ શકશે નહીં.

( ૨ ) આ સંસ્થાને એકી સાથે રૂા. ૧૦૧) થી ૫૦૦) સુધીની રકમ આપનાર આ સંસ્થાના આજીવન સભ્ય ( Life member ) ગણાશે.

**નોંધઃ**-કોઇ પણ સંઘ આજીવન સભ્ય થઇ શકશે નહીં. જાહેર જ્ઞાનભંડારને કે સંસ્થાને વ્યવસ્થાપક સમિતિની મંજૂરી લઇને આજીવન સભ્ય કરી શકાશે.

સંસ્થાને એકી સાથે રૂા. ૫૧) આપી બીજા વર્ગના આજીવન સભ્યો બનાવવાનો વર્ગ હાલ બંધ છે, પરન્તુ અગાઉ થયેલ બીજા વર્ગના આજીવન સભ્યો સભ્ય તરીકેના તમામ હક્કો કાયમ ભોગવી શકશે.

( ૩ ) આ સંસ્થાને વાર્ષિક રૂા. ૫) નું લવાજમ ભરનાર સામાન્ય સભ્ય ( ordinary member ) ગણાશે.

**નોંધ**—જે વર્ષમાં લવાજમ ભરાયું હશે તે જ વર્ષમાં લવાજમ ભરનાર સામાન્ય સભ્યના હક્કો ભોગવી શકશે. લવાજમ ગમે તે માસમાં ભરાયું હશે છતાં તે લવાજમ સંસ્થાના ચાલુ વર્ષનું લવાજમ ગણાશે. અને સભ્યપદ તે વર્ષના આસો વદી અમાસે પૂરું થશે. જેમનું લવાજમ સંસ્થાના ચોપડે જમા નહીં થયું હોય, તેઓ સામાન્ય સભ્ય તરીકેના હક્કો ભોગવી શકશે નહીં.

અમોને જણાવતા અતિશય આનંદ તો એ હકીકતને અંગે થાય છે કે-ઉચ્ચ કોટિના અનુપમ અને ઉપયોગી પુસ્તકોના પ્રકાશનથી તેમજ દેવગુરુભક્તિ તેમજ કેટલેક અંશે અપાતી ભેટની બુકોના કારણે સભામાં સભાસદ બંધુઓની સંખ્યામાં ગણનાપાત્ર વૃદ્ધિ થતી જાય છે.

---

## સં. ૨૦૧૦ ની સાલ સુધીમાં થયેલ પેટ્રન સાહેબોની નામાવલિ

૧ શેઠ ચંદુલાલ સારાભાઈ મોદી બી. એ.
૨ રાવ સાહેબ શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ જે. પી.
૩ શેઠ માણેકચંદ જેચંદભાઈ
૪ ,, રતીલાલ વાડીલાલ
૫ ,, માણેકલાલ ચુનીલાલ જે. પી.
૬ ,, કાન્તિલાલ બકોરદાસ
૭ રાવ બહાદુર શેઠ નાનજીભાઈ લધાભાઈ
૮ શેઠ ભોગીલાલભાઇ મગનલાલ
૯ ,, પદમશીભાઇ પ્રેમજીભાઇ
૧૦ ,, રમણિકલાલ ભોગીલાલભાઇ
૧૧ ,, મોહનલાલ તારાચંદ જે. પી.
૧૨ ,, ત્રિભુવનદાસ દુર્લભદાસ
૧૩ ,, ચંદુલાલ ટી. શાહ જે. પી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૪ શેઠ રમણિકલાલ નાનચંદ
૧૫ ,, દુર્લભદાસ ઝવેરચંદ
૧૬ ,, દલીચંદ પુરુષોત્તમદાસ
૧૭ ,, ખાન્તિલાલ અમરચંદ વોરા
૧૮ રાવ બહાદુર શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી
૧૯ શેઠ અમૃતલાલ કાલીદાસ
૨૦ ,, ખુશાલદાસ ખેંગારભાઈ
૨૧ ,, કાન્તિલાલ જેશીંગભાઈ
૨૨ ,, ચંદ્રકાન્તભાઈ ઉજમશી
૨૩ ,, પુંજાભાઈ દીપચંદ
૨૪ ,, લક્ષ્મીચંદ દુર્લભદાસ
૨૫ ,, કેશવલાલ લલ્લુભાઈ
૨૬ શાહ ઓધવજી ધનજીભાઈ સોલિસિટર
૨૭ શેઠ મણિલાલ વનમાળીદાસ બી. એ.
૨૮ ,, સારાભાઈ હઠીસીંગ
૨૯ ,, રમણભાઈ દલસુખભાઈ
૩૦ ,, જમનાદાસ મોનજીભાઈ ઝવેરી
૩૧ ,, વીરચંદ પાનાચંદ
૩૨ ,, હીરાલાલ અમૃતલાલ બી. એ.
૩૩ મહેતા ગિરધરલાલ દીપચંદ કમળેજવાળા
૩૪ ,, લવજીભાઈ રાયચંદ
૩૫ ,, પાનાચંદ લલ્લુભાઈ
૩૬ શેઠ કસ્તુરભાઈ લાલભાઈ
૩૭ ,, પરશોત્તમદાસ મનસુખલાલ ગાંધી તારવાળા
૩૮ મહેતા મનસુખલાલ દીપચંદ કમળેજવાળા
૩૯ શેઠ છોટાલાલ મગનલાલ
૪૦ ,, માણેકચંદ પોપટલાલ થાનગઢવાળા
૪૧ શેઠ નગીનદાસ કરમચંદ સંઘવી
૪૨ ડૉકટર સાહેબ વલ્લભદાસ નેણશીભાઈ મહેતા
૪૩ શેઠ સકરચંદ મોતીલાલ મૂળજી
૪૪ ,, પ્રાગજીભાઈ ઝવેરચંદ
૪૫ ,, ખીમચંદ લલ્લુભાઈ
૪૬ ,, પુરુષોત્તમ સુરચંદ
૪૭ ,, કેશવજીભાઈ નેમચંદ
૪૮ ,, હાથીભાઈ ગલાલચંદ
૪૯ ,, અમૃતલાલ ફૂલચંદ
૫૦ ,, ભગુભાઈ ચુનીલાલ સુતરીયા
૫૧ ,, વનમાળી ઝવેરચંદ મુંબઈ
૫૨ ,, બકુભાઈ મણિલાલ અમદાવાદ
૫૩ ,, અમીચંદ મોતીચંદ સરવૈયા
૫૪ ,, રમણલાલ જેશંગભાઈ ઉગરચંદ મુંબઈ
૫૫ ,, મગનલાલ મૂળચંદભાઈ મુંબઈ
૫૬ ,, નરોત્તમદાસ શામજીભાઈ ભાવનગર
૫૭ ,, કેશવલાલ બુલાખીદાસ
૫૮ ,, મોહોલાલ મગનલાલ
૫૯ ,, ચીમનલાલ મગનલાલ
૬૦ ,, રતિલાલ ચત્રભુજ
૬૧ ,, પોપટલાલ ગિરધરલાલ
૬૨ ,, કાન્તિલાલ હીરાલાલ કુસુમગર
૬૩ ,, સાકરલાલ ગાંડાલાલ વેલાણી
૬૪ ,, હરખચંદ વીરચંદ
૬૫ ,, ચંદુલાલભાઈ વર્ધમાન
૬૬ ,, છોટાલાલ ભાઈચંદભાઈ

સં. ૨૦૧૦ ની આખરે ૬૬ પેટ્રનો, ૫૫૦ પ્રથમ વર્ગના લાઈફ મેમ્બરો, *૧૦૭ બીજા વર્ગના લાઈફ મેમ્બરો, *૬ ત્રીજા વર્ગના લાઈફ મેમ્બરો અને ૧૩ વાર્ષિક સભાસદો મળી કુલ ૭૪૨ સભાસદો

---

* બીજા તથા ત્રીજા વર્ગના લાઈફ મેમ્બરનો વર્ગ કમી કરવામાં આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. ત્યારપછી સં. ૨૦૧૧ માં થયેલા પેટ્રનો, લાઇફ મેમ્બરો વિગેરેના નામો આવતા રિપોર્ટમાં રજૂ કરવામાં આવશે.

ઉપર પ્રમાણે આ સંસ્થાના સભાસદો માત્ર **સૌરાષ્ટ્ર**-ગુજરાતના નથી પરન્તુ હિંદભરના મુખ્ય મુખ્ય પ્રાન્તો તેમજ અગ્રગણ્ય શહેરો જેવાં કે મુંબઇ, કલકત્તા, **બેંગ્લોર, મદ્રાસ, દીલ્હી, કાનપુર, અમદાવાદ, આગ્રા, પાટણ** વગેરે અનેક સ્થળોના બંધુઓ, સદ્‌ગૃહસ્થો, ઉદ્યોગપતિઓ, પુણ્યપ્રભાવક પુરુષો સભાસદ થયેલ છે. આ ઉપરાંત જૈન બહેનો પણ આ સભામાં સભાસદ તરીકે નોંધાયેલ છે. અને કોઇ કોઇ ગ્રેજ્યુએટ થયેલ બહેનો પણ સભાસદ તરીકે આ સભામાં જોડાયેલ છે, જે સભાને માટે પણ ગૌરવ લેવા જેવી હકીકત છે.

---

**ભેટ પુસ્તકોનો અનેરો અને અપૂર્વ લાભ**—આ સભા તરફથી પ્રકાશિત થતી **શ્રી જૈન આત્માનંદ ગ્રંથમાળા**ના ગુજરાતી ભાષાંતરના ચરિત્રો, ઐતિહાસિક સાહિત્યના ગ્રંથો, બોધક ગ્રંથો, આદર્શ જીવનવૃત્તાંતો તેમજ સ્ત્રી ઉપયોગી ચરિત્રો, તત્વજ્ઞાનના ગ્રંથો વગેરે પેટ્રન બંધુઓ અને લાઇફ મેમ્બરો વગેરેને સભાના ધારાધોરણ પ્રમાણે ભેટ આપવામાં આવેલ છે.

**સં. ૨૦૦૩* થી સં. ૨૦૧૦** સુધીના આઠ વર્ષમાં માનવંતા સભાસદોને રૂા. ૩૪૭૫૮) ના પુસ્તકો ભેટ તરીકે અપાયા છે તેને લગતી હકીકત આ સાથેના સૂચિપત્રમાં આપવામાં આવી છે.

અપાતા ભેટના પુસ્તકોથી મેમ્બરોને આર્થિક દૃષ્ટિએ લાભ મળવા ઉપરાંત તે તે શ્રેષ્ઠ કોટિના પુસ્તકોના વાંચન, મનન ને નિદિધ્યાસનથી આત્મકલ્યાણ સધાય છે, જીવનનું ઘડતર થાય છે, ન્યાય અને નીતિના આચરણમાં પ્રગતિ સધાય છે. ભવિષ્યમાં પણ આવા ઉચ્ચ કોટિના ગ્રંથો ભેટ આપવાની અમારી અભિલાષા છે. કેટલાક વખતથી દરેક વસ્તુઓ તેમાં છાપકામ, ચિત્રો, બ્લોક વગેરેની સખ્ત મોંઘવારી ચાલતી હોવાથી તેમજ વ્યાપારી સ્થિતિ પણ મંદ હોવાથી સભાનું સાહિત્ય પ્રકાશનનું કાર્ય કંઇક મંદ ચાલે છે. જે જે પ્રકાશનો કરવામાં આવ્યા છે અને આવશે તેની નોંધ દરવર્ષના રિપોર્ટમાં જણાવવામાં આવે છે. દાનવીર ગૃહસ્થો અને સાહિત્યપ્રિય સજ્જનો અમને પૂર્ણ સહકાર આપી જ્ઞાનભક્તિ તેમજ ગુરુભક્તિના અમારા કાર્યમાં પૂરેપૂરો સહકાર આપે તેવી વિજ્ઞપ્તિ છે.

---

**સભાની આર્થિક સ્થિતિ**—સભા પાસે નાણાનું જે ભંડોળ છે, તેને ધારાધોરણ અનુસાર સમય તથા સંયોગોનો પૂરતો વિચાર કરીને સભાએ પોતાના હસ્તકની મોટી રકમને સ્થાવર મિલ્કતમાં રોકી છે, જેની વિગત નીચે જણાવવામાં આવી છે.

સભા હસ્તક ત્રણ મકાનો છે (૧) **શ્રી આત્માનંદ જૈન ભવન,** જેમાં સભાની ઓફિસ બેસે છે અને વહીવટી કાર્ય ચાલે છે. (૨) તેની જ બાજુનું **આત્મકાન્તિ-જ્ઞાનમંદિર** છે, જે ફાયરપ્રૂફ મકાનને બંધાવતા આશરે બાવીશ હજાર રૂપિયાનો ખર્ચ થયો છે, તે જ્ઞાનમંદિરમાં લોખંડના કબાટમાં હસ્તલિખિત પ્રતોને સુરક્ષિત રાખવામાં આવે છે. (૩) **શ્રી આત્માનંદ પુણ્ય ભવન,** જે મામા કોઠા રોડ જેવા મુખ્ય રસ્તા પર આવેલ છે.

આ ઉપરાંત પ્રકાશન કાર્ય માટે તેમજ વહીવટી ખર્ચ માટે જે રકમની જરૂર પડે તે રકમ સદ્ધર બેંકમાં રાખવામાં આવે છે.

---

* સં. ૨૦૦૩ ની સાલ પહેલાં અપાયેલા ભેટ-પુસ્તકની હકીકત તેમજ કીંમત વગેરે અલગ સમજવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## બંધારણ

ભવિષ્યમાં સભાના ઉદ્દેશો પ્રમાણેની કાર્યવાહી તેમજ આર્થિક બાબત વગેરે સુવ્યવસ્થિત રીતે જળવાઇ રહે તે માટે સભાનું નવું બંધારણ કાયદાશાસ્ત્રીની સલાહ પ્રમાણે તૈયાર કરી, જનરલ મિટીંગમાં પસાર કરાવી સૌરાષ્ટ્ર સરકાર પાસે રજીસ્ટર કરાવી લેવામાં આવ્યું છે, જે બંધારણ મુજબ સં. ૨૦૧૧ ના કાર્તિક શદિ ૧ થી કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે.

આ માટે બંધારણ કમિટીના સભ્યો (૧) શ્રી ગુલાબચંદ આણંદજી કાપડિયા, (૨) શ્રી ખીમચંદ ચાંપશી શાહ એમ. એ. અને (૩) શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ. તથા (૪) વકીલ શ્રી ભાઇચંદ અમરચંદ શાહ બી. એ. એલ.એલ. બી. એ સર્વેનો આભાર માનવામાં આવે છે.

# પ્રકાશન વિભાગ.

## સભા હસ્તક હાલ ત્રણ પ્રકારના સાહિત્યોદ્ધાર તેમજ પુસ્તક પ્રકાશનનાં ખાતાં છે

(૧) **શ્રી આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા**—જેમાં પૂર્વાચાર્યોકૃત મૂળ, ટીકા, તત્ત્વજ્ઞાન, ગણિત, કર્મવાદ, નાટક, કાવ્ય વગેરે ગ્રંથો છપાય છે. આ કાર્ય સં. ૧૯૬૬ થી શરૂ કરવામાં આવ્યું છે. અત્યારસુધી આ ગ્રંથમાળાદ્વારા ૯૨ ની સંખ્યામાં પુસ્તક-પ્રકાશન થયું છે, જેનો સગવડ પ્રમાણે કેટલોક ભાગ પ્રચાર તરીકે ભેટ પણ આપવામાં આવેલ છે. પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજો, જૈન વિદ્વાનો, જૈનેતર સ્કોલરો, લાઇબ્રેરીઓ તેમજ જ્ઞાનભંડારોને આ ગ્રંથમાળામાંથી અત્યાર સુધીમાં રૂા. ૩૪૪૨૫) રૂપિયાના ગ્રંથો ભેટ તરીકે અપાયા છે. માત્ર ભારતવર્ષમાં નહિ પરન્તુ **અમેરિકા, બ્રિટન, ચીન, જાપાન** અને **ટિબેટની સરકારી** લાઇબ્રેરીમાં આ પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે અને તે તે દેશના દર્શનશાસ્ત્રીઓએ આ શ્રેષ્ઠ કોટિના ઉત્તમ પ્રકાશનોની મુક્તકંઠે પ્રશંસા કરી છે, જેને લગતી હકીકત આપણી સભાના મુખપત્ર "**શ્રી આત્માનંદ પ્રકાશ**" માં પ્રગટ થતી રહે છે. આપણું માસિક "**શ્રી આત્માનંદ પ્રકાશ**" અમેરિકાની સરકારી લાઇબ્રેરીમાં પણ જાય છે, જે તેની પ્રસિદ્ધિનું સુચિહ્ન છે. અમારી ઇચ્છા આ કાર્યને ભવિષ્યમાં વિશેષ ને વિશેષ ફળદાયક બનાવવાની છે.

હાલમાં **શ્રી દ્વાદશારનયચક્રસાર ગ્રંથ** (મૂળ)—ઉચ્ચ કોટિનો, વિશાળ અને જૈન દર્શનનો ન્યાયનો અનુપમ ગ્રંથ પરમ પૂજ્ય "**આગમપ્રભાકર**" મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજ તેમજ પૂજ્ય મુનિરાજશ્રી **જંબૂવિજયજી** મહારાજશ્રીના અથાગ પરિશ્રમ અને અપ્રતિમ કાળજીથી **નિર્ણયસાગર** પ્રેસ-મુંબઇમાં ઊંચા ટકાઉ કાગળો પર દેવનાગરી લિપિમાં છપાઇ રહ્યો છે. આ ગ્રંથ અતિ વિસ્તૃત હોવાથી ક્રમશઃ પ્રગટ થશે. આ અનુપમ ગ્રંથ જેમ બને તેમ શીઘ્ર પ્રગટ કરવાની તૈયારી ચાલે છે. જ્યારે આ ગ્રંથ પ્રસિદ્ધિ પામશે ત્યારે જૈન દર્શનશાસ્ત્રીઓ જ નહિ પરન્તુ પરદેશી વિદ્વાન્ સ્કોલરો અને દર્શનશાસ્ત્રના અભ્યાસકો આ ગ્રંથની પૂરેપૂરી પ્રશંસા કર્યા સિવાય રહી શકશે નહિ. આ કાર્ય માટે બંને પૂજ્ય ગુરુવર્યોનો આભાર માનીએ છીએ.

(૨) **શ્રી જૈન આત્માનંદ જન્મ શતાબ્દિ સિરીઝમાં શ્રી ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્રના આગળના પાંચમા પર્વથી** છપાવવા સંબંધી વિચારણા ચાલી રહી છે. આર્થિક સહાય અને મોંઘવારીને કારણે હાલ આ કાર્ય અટક્યું છે.

ઉપર જણાવેલા આ બંને ખાતાઓનો માત્ર વહીવટ આ સભા કરે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩ ) **શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા**—આ સભાની માલીકીનું ખાતું છે. આ ખાતામાં સિરિઝ તરીકે અગાઉ આપેલ રકમમાંથી અથવા બીજી રીતે મળતી સહાયમાંથી પૂર્વાચાર્યકૃત ગ્રંથોના અનુવાદો, ઐતિહાસિક કથાઓ, જીવનચરિત્રો, સત્વશાળી નરરત્નો, તીર્થંકર ભગવંતોના ચરિત્રો, ઉપદેશક પુસ્તકો, સતી-ચરિત્રો પ્રકાશિત કરવામાં આવે છે અને સભાના નિયમ મુજબ પેટ્રનો, લાઇફ મેમ્બરો, પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજો, જૈનેતર વિદ્વાનો, જ્ઞાનભંડારો વગેરેને ભેટ આપવામાં આવે છે. અત્યારસુધીમાં આ ગ્રંથમાળામાં ૯૮ પુસ્તકો પ્રકાશિત થયા છે.

સભાના સાહિત્ય-પ્રકાશનની સમાજમાં મુક્તકંઠે પ્રશંસા થઇ રહી છે. આવા સાહિત્ય-પ્રકાશન માટે જ્યારે જ્યારે સારા અભિપ્રાયો મળે ત્યારે તે અભિપ્રાયો વખતોવખત સભાના માસિક **“ શ્રી જૈન આત્માનંદ પ્રકાશ ”** માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

શ્રી કથારત્ન કોષનો બીજો અંશ છપાય છે તેમજ શ્રીસોમપ્રભાચાર્યરચિત **શ્રી સુમતિનાથ** ચરિત્રનું ભાષાંતર તૈયાર થઇ રહ્યું છે અને તે પ્રકાશિત કરવા માટે પ્રયત્ન પણ ચાલુ છે. આ ગ્રંથમાં સહાય મળ્યેથી પ્રકાશિત કરવામાં આવશે. દેશ-કાળ ને સંયોગો બદલાયા છે, છતાં સભા પોતાનું પુસ્તક-પ્રસિદ્ધિનું કાર્ય યથાશક્તિ કરી રહી છે, તે હકીકત આપ સર્વને સુવિદિત જ છે.

---

## શ્રી આત્મારામજી જૈન ફ્રી લાઇબ્રેરી

| રૂપિયા | વર્ગ | પુસ્તક |
|---|---|---|
| ૫૫૯૦। | વર્ગ ૧ લો જૈનધર્મ | ૩૫૦૧ |
| ૧૪૨૯।≡ | વર્ગ ૧ લો અ છાપેલ પ્રતો | ૯૩૦ |
| ૧૬૪૬॥≈ | વર્ગ ૨ જો છાપેલ આગમો | ૩૦૧ |
| | વર્ગ ૩ જો હસ્તલિખિત પ્રતો | ૧૩૨૫ શ્રી ભક્તિવિજયજી મહારાજ<br>૨૧૦ શ્રી લબ્ધિવિજયજી મહારાજ<br>૨૦૧ સભાની |
| ૧૭૨૧॥≈ | વર્ગ ૪ થો સંસ્કૃત | ૫૧૮ |
| ૬૧૪૮)≡ | વર્ગ ૫ મો જુદા જુદા સાહિત્યના નીતિ—નોવેલ વગેરે | ૩૮૦૦ |
| ૭૭૫।≈ | વર્ગ ૬ ઠ્ઠો અંગ્રેજી | ૨૫૬ |
| ૧૨૭૪॥ | વર્ગ ૭ મો માસિકની ફાઇલો | ૫૧૨ |
| ૬૭૧।≈ | વર્ગ ૮ મો હિંદી | ૩૨૭ |
| ૧૪૦।≈ | વર્ગ ૯ મો બાળ વર્ગ | ૨૭૭ |
| **કુલ રૂ. ૧૯૩૯૮)** | | **કુલ પુસ્તકો ૧૨૧૫૮** |

સં. ૨૦૧૦ માં વાંચન માટે કુલ બુકો ૨૮૯૭ ઇસ્યુ થઇ હતી.

---

**શ્રી આત્માનંદ પ્રકાશ**—( માસિક ) સભાના મુખપત્ર તરીકે આ માસિક બાવન વર્ષથી નિયમિત પ્રગટ થાય છે, તેમાં તત્ત્વજ્ઞાન, હિતશિક્ષાપ્રદ અને આધ્યાત્મિક સામગ્રી પીરસવામાં આવે છે. સભાના સભાસદોને ભેટ આપવામાં આવે છે અને વાર્ષિક ગ્રાહકોને માત્ર ત્રણ રૂપિયાના લવાજમથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવામાં આવે છે. તે ઉપરાંત ભેટ પુસ્તક પણ આપવામાં આવે છે. માસિકને વિશેષ સમૃદ્ધ અને ઉપયોગી સાહિત્યથી અલંકૃત કરવાના અમારા મનોરથ છે. જેમ જેમ છાપકામ અને કાગળ વગેરેની મોંઘવારી ઘટતી જશે તેમ તેમ તેની પૃષ્ઠસંખ્યા વધારવામાં આવશે. હાલ જે પદ્ધતિએ માસિક છપાય છે તેમાં વિદ્વાન્ મુનિરાજો, સાહિત્યકારો, ઉચ્ચ કેળવણી પામેલા ગ્રેજ્યુએટો અને પ્રોફેસરો વગેરેના સુવાચ્ય લેખો પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**આભારદર્શન**—જૈન સમાજમાં ગણનાપાત્ર વિદ્વાન્ સાક્ષરોત્તમ " આગમપ્રભાકર " પૂજ્ય મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજશ્રીની અનુપમ કૃપા આ સભા પરત્વે છે. સભા દ્વારા જે સંસ્કૃત, પ્રાકૃત, મૂળ કે ટીકાના ગ્રંથો પ્રસિદ્ધ થયા છે અને થઇ રહ્યા છે, તેનું સંશોધન-સંપાદન વગેરે કાર્યો તેઓશ્રી જ કરે છે. તેઓશ્રીના સંપાદિત કરેલા ગ્રંથોની દેશ-દેશાવરમાં મુક્ત કંઠે પ્રશંસા થઇ રહી છે. જેસલમેરના અતિપ્રાચીન અને વિશાળ જ્ઞાનભંડારનું તેઓશ્રીનું તાજેતરનું સંશોધન કાર્ય જૈન સમાજને સુવિદિત છે. જૈન સમાજનું એ સદ્‌ભાગ્ય છે કે—અવિરત કાર્યકર અને સાહિત્યોદ્ધારક " **આગમપ્રભાકર** " મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** જેવા મુનિરત્ન તેમને સાંપડેલ છે. હાલ તેઓશ્રી પૂજ્ય આગમોની શુદ્ધિ અને ઉદ્ધાર માટે સખ્ત પ્રયત્ન સેવી રહ્યા છે. આપણી સભા તેઓશ્રીની અનુપમ અને અતીવ આભારી છે.

આચાર્ય મહારાજશ્રી **વિજયકસ્તૂરસૂરિજી મહારાજશ્રી**ની અસીમ કૃપા સભા પરત્વે હતી. થોડા સમય પૂર્વે પાલનપુરખાતે તેઓશ્રી સ્વર્ગવાસી થયા છે, જેથી સભાને તેમની ખરેખરી ખોટ પડી છે. પાલનપુરના જૈન સંઘે તેઓશ્રીની ભક્તિ નિમિત્તે તેમજ સ્મરણાર્થે એક ફંડ એકત્ર કરેલ છે. આ ફંડની સહાયથી સ્વ. પૂજ્ય આચાર્ય મહારાજના પૂર્વે પ્રગટ થયેલા " જ્ઞાનપ્રદીપ " પુસ્તકના ત્રણ ભાગો તેમજ કેટલાક સ્તવનો, પદો વગેરેનો સંગ્રહ કરી, આ સર્વ ફક્ત એક જ વિશાળ ને દળદાર પુસ્તકમાં એકત્ર રીતે પ્રસિદ્ધ થાય તેવી યોજના કરી સભાને આર્થિક સહાય આપવામાં આવી છે જેને પરિણામે તે વિશાળ ને ઉપદેશાત્મક ગ્રંથ છપાઇ રહ્યો છે, જે થોડા સમયમાં પ્રકટ કરવામાં આવશે. આ આર્થિક સહાય માટે સભા શ્રી પાલનપુર સંઘની ઋણી છે.

યુગવીર, પરમ પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજનો પ્રથમથી જ આ સભા પરત્વે અનહદ ઉપકાર હતો. ગત વર્ષમાં મુંબઇમાં તેઓ પૂજ્યશ્રીનો સ્વર્ગવાસ થતાં જૈન સમાજને તેમજ આ સભાને ન પૂરાય તેવી ખોટ પડી છે. તેઓ પૂજ્યશ્રીએ નૂતન જિનમંદિરો, જીર્ણોદ્ધારો, ધાર્મિક તેમજ વ્યાવહારિક ઉભય પ્રકારની કેળવણી માટે પંજાબ, મારવાડ, ગુજરાત વગેરે અનેક સ્થળે જૈન કોલેજો, હાઇસ્કૂલો, પાઠશાળાઓ, લાઇબ્રેરીઓ, ઉદ્યોગશાળાઓ અને જૈન બંધુઓની રાહત માટે અનેક ખાતાઓ, તેમજ શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી ઉપયોગી સંસ્થાનું સ્થાપન કરીને જે પરમોપકાર કરેલ છે, તે અવર્ણનીય છે, પરન્તુ **जातस्य हि ध्रुवं मृत्युः ।** એ ન્યાયે ભાવીભાવ બળવાન હોવાથી તેઓશ્રી ગતવર્ષમાં મુંબઇખાતે સમાધિપૂર્વક ભાદરવા વદિ ૧૧ ના રોજ સ્વર્ગસ્થ થયા છે. તેઓશ્રીના પૂનિત આત્માને અનંત અખંડ શાન્તિ પ્રાપ્ત થાઓ તેવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ.

**કેળવણીને ઉત્તેજન**—

આ યુગમાં " કેળવણી " એ અગત્યનું અંગ ગણાય છે. સભાએ કેળવણીને ઉત્તેજન આપવા માટે વર્ષો પૂર્વેથી પ્રયાસ શરૂ કરેલ છે. વ્યાવહારિક તેમજ ધાર્મિક ઉભય પ્રકારની કેળવણીને ઉત્તેજન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપાય છે અને સભાની તે પ્રશસ્ત પદ્ધતિ જોઇને સભાને **સહાયક–ફંડો** મળેલાં છે, જેનો **સદ્વ્યય** કરવામાં આવે છે.

આ સભાએ સભાસદો દ્વારા ઉદ્ભવ કરેલું પ્રાતઃસ્મરણીય પ્રવર્તક મુનિરાજશ્રી **કાન્તિવિજયજી મહારાજ સ્મારક કેળવણી** ફંડના વ્યાજમાંથી સભાએ કરેલ ઠરાવ મુજબ તેમજ સભાને સ્વ. **શેઠ દેવચંદ દામજીએ** સુપ્રત કરેલ રકમના વ્યાજમાંથી મેટ્રિકમાં પ્રથમ તેમજ દ્વિતીય નંબરે પાસ થનાર શ્વે. મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીને પ્રવર્તકશ્રીની સ્વર્ગવાસતિથિ અષાડ શુદ ૧૦ ના રોજ જાહેર મેળાવડો યોજીને ચંદ્રકો આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

તદુપરાંત **શ્રી મૂળચંદભાઇ સ્મારક કેળવણી ફંડ, બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી કેળવણી ફંડ**ના વ્યાજમાંથી તેમજ **સભાના પોતાના તરફથી** બંને પ્રકારનો કેળવણીના ઉત્તેજનાર્થે સ્કોલરશિપો, પુસ્તકો વગેરે જૈન વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ આપવામાં આવે છે.

તેમજ અત્રે ચાલતી **શ્રી વૃદ્ધિચંદજી જૈન સામાયિકશાળાને** રૂા. ૨૦) તેમજ **શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાને** રૂા. ૧૨૫) પ્રતિવર્ષ ભેટ તરીકે આપવામાં આવે છે.

**રાહત ફંડ—**

**શ્રી ખોડીદાસ ધરમચંદ જૈન બંધુઓ માટેનું રાહત ફંડ** તેમજ ભારત આઝાદ થયું તેની ખુશાલી નિમિત્તે **આઝાદ દિને** સભાએ અલગ મૂકેલ રકમના વ્યાજમાંથી જરૂરિયાતવાળા જૈન બંધુઓને રાહત આપવામાં આવે છે. આજના યુગમાં " રાહત " કાર્ય જરૂરી અને આવશ્યક બન્યું છે તો આ ફંડ વધારી આપણા સ્વામીભાઇઓને રાહત કેમ આપી શકાય તેવી જાતનો સભાનો પ્રયાસ શરૂ છે. સખાવતી અને ઉદારશીલ જૈન બંધુઓનું અમે આ પરત્વે ધ્યાન ખેંચીએ છીએ.

---

**મહોત્સવો—**

આ સભાનો વાર્ષિક સ્થાપનાદિન–જેઠ શુદિ બીજ **વોરા હઠીસંગભાઇ ઝવેરચંદે** પોતાની હૈયાતિમાં આપેલ રકમનું વ્યાજ સભા અને પોતે કહી ગયેલ બાકીની રકમનું વ્યાજ તેમના ધર્મપત્ની **શ્રી હેમકુંવર** બહેન દરવર્ષે આપે છે, જેથી દરવર્ષે તળાજા તીર્થે જઇને સ્થાપના–મહોત્સવ ઉજવવામાં આવે છે. વોરા હઠીસંગભાઇએ બાકીની આપવા કહેલ રકમ તેઓશ્રીના ધર્મપત્નીએ આપી દેવા જણાવેલ છે. આ રકમથી તીર્થયાત્રા થવા સાથે દેવગુરુભક્તિ વગેરેનો સભાસદ બંધુઓને લાભ મળતો હોવાથી આત્મકલ્યાણમાં વૃદ્ધિ થાય છે.

**આનંદ મેળાપ—**દર બેસતા વર્ષે આ સભાના કાયમી પ્રમુખ શેઠ **શ્રીયુત ગુલાબચંદ આણંદજીએ** આપેલ રકમના વ્યાજમાંથી સભાસદોને દૂધપાર્ટી આપવામાં આવે છે અને મેમ્બરો તરફથી જ્ઞાનપૂજન પણ થાય છે.

**જ્ઞાનપૂજન—**દરવર્ષે કાર્તિક શુદ ૫ ( જ્ઞાનપંચમી ) ના રોજ સભાના મકાનમાં જ્ઞાન પધરાવી પૂજન વગેરે કરી જ્ઞાનભક્તિ કરવામાં આવે છે.

**દેવગુરુભક્તિ અને ગુરુજયંતિઓ—**પ્રાતઃસ્મરણીય **શ્રી આત્મારામજી** મહારાજશ્રીની જન્મતિથિ ચૈત્ર શુદ ૧ ના રોજ હોવાથી તે દિવસે દરવર્ષે સભાસદ બંધુઓ પવિત્ર ગિરિરાજ **શ્રી શત્રુંજય** તીર્થે જઇ, પૂજા વગેરે ધાર્મિક કાર્યો કરી, સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવે છે. સભા માટે આ અપૂર્વ ભક્તિ–પ્રસંગ છે. ગુરુભક્તિના આ ઉત્તમ પ્રસંગ માટે ગુરુભક્ત ઉદારદિલ શેઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સાકરચંદ મોતીલાલ મૂળજીભાઇએ** એક રકમ સભાને સુપ્રત કરી છે. તેના વ્યાજમાંથી ખર્ચ થાય છે. આ રીતે પવિત્ર ગિરિરાજશ્રી **શત્રુંજય** અને પવિત્ર તીર્થ **શ્રી તાલધ્વજગિરિ**–એમ બંને તીર્થની યાત્રાનો સર્વ સભાસદ બંધુઓને દર વર્ષે દેવગુરુભક્તિ સાથે અપૂર્વ લાભ મળે છે, જે સભાને માટે ગૌરવનો પ્રસંગ છે.

દર વર્ષે માગશર વદિ છઠ્ઠના રોજ હોઇ પ્રાતઃસ્મરણીય **શ્રી મૂળચંદજી મહારાજની** તેમજ આસો શુદિ ૧૦ ના રોજ તેઓશ્રીના સુશિષ્ય શાન્તમૂર્તિ આ. **શ્રી વિજયકમલસૂરીશ્વરજી** મહારાજશ્રીની સ્વર્ગવાસ જયંતિઓ માટે થયેલ ફંડના વ્યાજમાંથી ઉપરોક્ત દિવસોએ દેવગુરુની ભક્તિપૂર્વક જયંતિઓ ઉજવવામાં આવે છે.

મોંઘવારીને કારણે ઉપર્યુક્ત જયંતિઓ પૂજા ભણાવીને તેમજ આંગી રચાવીને ઉજવવામાં આવે છે પરન્તુ મળેલ રકમનું વ્યાજ પૂરતું નહીં હોઇને સ્વામીવત્સલ થઇ શકતું નહોતું પરન્તુ ગત આસો શુદિ ૧૦ શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજની જયંતિ પ્રસંગે સભાસદ બંધુઓની ખાસ ઇચ્છા થવાથી અને વ્યાજ ઉપરાંત કેટલીક સહાયક રકમ એકત્ર કરવાથી વરતેજ મુકામે સભાસદ બંધુઓનું સ્વામીવત્સલ કરવામાં આવેલ. આ પ્રણાલિકા હંમેશ માટે ચાલુ રહે તે માટે સભાસદોએ ઉમંગ દર્શાવ્યો હોવાથી દરવર્ષે સભાસદ બંધુઓ જ્યાંસુધી ઉમંગ દર્શાવશે ત્યાંસુધી દર વર્ષે આસો શુદ ૧૦ ના રોજ સભાસદ બંધુઓનું સ્વામીવાત્સલ્ય નજીકના ગામમાં શરૂ રહેશે, જેથી સભાસદ બંધુઓ દર વર્ષે યોગ્ય અને ઉત્સાહજનક સહકાર આપશે એવી આશા રહે છે.

## મિટીંગોનો સારાંશ

રિપોર્ટના વર્ષ દરમિયાન ચાર વખત જનરલ મિટીંગ અને બે વખત મેનેજીંગ કમિટી મળી હતી, જેમાં સં. ૨૦૦૯ ની સાલનું સરવૈયું અને સં. ૨૦૧૦ ની સાલનું બજેટ મંજૂર કરવામાં આવેલ.

મુખ્ય કારકુન ભીખાલાલ તેમજ ચુનીલાલના પગારમાં વધારો કરી આપવામાં આવ્યો.

સભાનું બંધારણ ઘડવા માટે એક કમિટી નીમવામાં આવી તેમજ તૈયાર થયેલ બંધારણ મંજૂર કરી તેને રજીસ્ટર્ડ કરાવી લેવામાં આવ્યું.

પંજાબકેશરી અને આ સભાના ઉપકારક પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજશ્રીનો મુંબઇખાતે સમાધિપૂર્વક સ્વર્ગવાસ થવાથી સભાએ ત્રણ દિવસ સભા બંધ રાખી હતી તેમજ સ્વર્ગસ્થના આત્માના શ્રેયાર્થે પૂજા ભણાવી અંગરચના કરાવવામાં આવેલ. સ્વર્ગસ્થના આત્માને શ્રદ્ધાંજલી અર્પવા માટે ભાવનગરની ત્રણ અગ્રણી સંસ્થાના ઉપક્રમે શોકસભા ભરવામાં આવેલ તેમજ સ્વર્ગસ્થના આત્માને પરમશાંતિ પ્રાર્થતો ઠરાવ કરવામાં આવેલ. સૂરિજીના સ્વર્ગવાસને કારણે આસો શુદિ ૧૦ ના રોજ સ્વ. પૂ. વિજયકમલસૂરીશ્વરજીની જયંતિ નિમિત્તે વરતેજ મુકામે યોજવામાં આવેલ કાર્યક્રમ મુલતવી રાખવામાં આવેલ. ( જે ચાલુ વર્ષના કાર્તિક માસમાં ઉજવવામાં આવેલ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સંવત ૨૦૧૦ ની સાલનું સરવૈયું.

**જ**

| | |
|---|---|
| ૨૭૧૮ાાા | જ્ઞાન ખાતે |
| ૩૫૬૫૧) | સીરીઝ ખાતે |
| ૧૦૦૨ાાા | છાપખાનું વગેરે |
| ૮૦૩૯૫) | સભા નિભાવ ફંડ, પેટ્રન ફી, લાઇફ મેમ્બર ફી |
| ૧૩૫૨૮ાાા≈ | જયંતિ ખાતાઓ |
| ૯૨૩૮ાા- | ફંડ–ખાતાઓ |
| ૬૮૫૭)≡ા | પરચુરણ ખાતાઓ |
| ૧૦૭)૦ાા | ઉચ્ચક દેવા |
| ૧૪૯૪૯૯ા≡ા | |

**ઉ**

| | |
|---|---|
| ૩૩૪૭૭ા-ા | જ્ઞાન ખાતે શ્રી લાઇબ્રેરી, શ્રી આત્માનંદ પ્રકાશ તેમજ ડેડસ્ટોક વિગેરે |
| ૧૭૩) | સાધારણ ખાતે |
| ૮૬૮૪૭ા≈ા | સભાના મકાનો |
| | ૨૮૧૨૬ાાા≈ા આત્માનંદ ભવન |
| | ૧૮૧૩૮ાાા શ્રી આત્મકાંતિ જ્ઞાનમંદિર |
| | ૪૦૫૮૧ાાા આત્માનંદ પુણ્ય ભવન |
| | ૮૬૮૪૭ા≈ા |
| ૭૯૯૮ાા૦ | શરાફી તથા બુકસેલર્સ પાસે |
| ૨૦૦૬૩ાા૦ાા | બેંકમાં |
| | ૧૦૦૬૩ાા૦ાા સેવીંગ્સ બેંકના ખાતાઓ |
| | ૧૦૦૦૦) ભાવનગર દરબાર ટ્રેઝરી બોંડ. બોંડના નંબરો |
| | ૫૦૦૦) નં. ૨૦૬૪ |
| | ૨૦૦૦) ૧૧૯૬ |
| | ૧૦૦૦) ૧૭૮૦ |
| | ૧૦૦૦) ૧૭૮૮ |
| | ૧૦૦૦) (સો–સોરૂ.ના દશ કટકા નં. [૨૦૨૧–૨૦૩૧–૨૦૩૩ ૨૦૩૫–૨૦૩૭–૨૦૩૯ ૨૦૪૧–૨૦૪૩–૨૦૪૫ ૨૦૪૭] |
| | ૨૦૦૬૩ાા૦ાા |
| ૬૦૭ાાા≈ | મેમ્બરો પાસે તેમજ ઉચ્ચક લેણા |
| ૨૩૭ાા≡ા | શ્રી પુરાંત જણશે |
| ૧૪૯૪૦૫ા≈ | |
| ૯૪)-ાા | હિસાબ ફેરના |
| ૧૪૯૪૯૯ા≡ા | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અભિલાષા અને મનોરથો—

આપણી સભાની ઇચ્છા, વિચાર કે ધ્યેય નાણાં વધારવા કે સંગ્રહી રાખવાનો નથી પરન્તુ જેમ જેમ આર્થિક સ્થિતિ સદ્ધર થતી જશે તેમ તેમ ધારાધોરણ અનુસાર પૂર્વાચાર્યકૃત અનેકવિધ નવા-નવા સાહિત્ય ગ્રંથો-મૂળ તેમજ અનુવાદરૂપે સુંદર રીતે પ્રકાશિત કરી જ્ઞાનદાન, જ્ઞાનભક્તિ, ભેટ અને પ્રચાર કરવામાં આવશે.

વાંચક વર્ગને રસ પડે, અનુકરણ અને અનુમોદના કરતાં આત્મકલ્યાણ સાધે તેવા રસમય અનુવાદ ગ્રંથોનું સવિશેષ પ્રકાશન કરી "ભેટ" આપવાનો પ્રબંધ કરવામાં આવશે. તદુપરાંત ધાર્મિક, વ્યાવહારિક અને ઔદ્યોગિક કેળવણીમાં વિદ્યાર્થીઓને અપાતી સહાયમાં વૃદ્ધિ કરવા, રાહત તરીકે અપાતી સહાયમાં વધારો કરવા અને સભાની પ્રગતિ તેમજ વિકાસમાં આગળ વધવાની અમારી ભાવના છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમજ શાસનદેવ અમારી આ અભિલાષા પૂર્ણ કરે તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના છે.

જૈન સમાજના શ્રદ્ધાળુ શ્રીમંત બંધુઓ, સાહિત્યપ્રિય અને વિચારશીલ બંધુઓ આ રિપોર્ટ વાંચી, સભાની પ્રશસ્ત અને પ્રગતિશીલ પ્રવૃત્તિથી વાકેફ થઇ કાર્યવાહકોની આ કલ્યાણકારી કાર્યવાહીમાં જોડાઇને ઉપર્યુક્ત રત્નત્રયીની ભક્તિ કરવાપૂર્વક જે જે અનુકરણીય અને આત્મહિતકર જણાય તે તે ગ્રહણ કરે તેમ અંતઃકરણપૂર્વક ઇચ્છીએ છીએ: ક્રમબદ્ધ વિકાસ સાધતી આ સભાને નજીકના જ ભવિષ્યમાં "**હીરક મહોત્સવ**" ઉજવવાની સુભાગી તક પ્રાપ્ત થશે, તે આપ સર્વની સ્નેહભરી અમીદૃષ્ટિનું જ પરિણામ અમો માનીએ છીએ અને આ સભાએ સાહિત્યના ક્ષેત્રમાં જે દેશ-પરદેશમાં અપૂર્વ નામના પ્રાપ્ત કરી શકી છે તેમાં પ્રતિદિન સવિશેષ પ્રગતિ થાય એમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

પ્રસિદ્ધકર્તા,
**ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ**
**શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ**
**શાહ જાદવજી ઝવેરભાઈ**
સેક્રેટરીઓ.
( કમિટીના ફરમાનથી. )

---

## કાર્યવાહક સમિતિ

૧ શેઠશ્રી ગુલાબચંદ આણંદજી કાપડીયા, પ્રમુખ
૨ ,, ફતેહચંદ ઝવેરભાઇ શાહ, ઉપપ્રમુખ
૩ શ્રી ખીમચંદ ચાંપશીભાઇ શાહ, એમ. એ. ઉપપ્રમુખ
૪ શેઠશ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી મંત્રી
૫ ,, વિઠ્ઠલદાસ મૂલચંદ શાહ, બી. એ. મંત્રી
૬ ,, જાદવજી ઝવેરભાઇ શાહ, મંત્રી
૭ ,, રમણલાલ અમૃતલાલ સુખડીયા ટ્રેઝરર
૮ ,, હરિલાલ દેવચંદ શેઠ
૯ શેઠશ્રી સાકરલાલ ગાંડાલાલ ભાવસાર
૧૦ ,, ગુલાબચંદ લલ્લુભાઇ શાહ
૧૧ ,, ભાઇચંદ અમરચંદ શાહ બી. એ. એલ-એલ. બી.
૧૨ ,, મોહનલાલ જગજીવન સલોત
૧૩ ,, હરજીવન નથુભાઇ શાહ
૧૪ ,, હીરાચંદ હરગોવિંદ શાહ
૧૫ ,, નગીનદાસ હરજીવનદાસ શાહ
૧૬ ,, દેવચંદ દુર્લભદાસ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સભામાંથી મળી શકતા

# વસાવવા તેમજ વાંચવા યોગ્ય પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ જો | ૨-૦-૦ | સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ જો | ૨-૮-૦ |
| આત્મવલ્લભપૂજા સંગ્રહ | ૩-૦-૦ | શ્રી શાંતિનાથ ચરિત્ર | ૭-૮-૦ |
| આચાર ઉપદેશ | ૧-૦-૦ | શ્રી સંઘપતિ ચરિત્ર | ૬-૮-૦ |
| નમસ્કાર મહામંત્ર | ૧-૦-૦ | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર | ૭-૮-૦ |
| કાવ્ય સુધાકર | ૨-૮-૦ | શ્રાવકધર્મ વિધિ પ્રકરણ | ૧-૮-૦ |
| કથારત્નકોશ ગુજરાતી ભાગ ૧ લો. | ૧૦-૦-૦ | જ્ઞાનપ્રદીપ ભાગ ૧ લો | ૪-૦-૦ |
| કલિંગનું યુદ્ધ | ૧-૦-૦ | ,, ભાગ ૨ જો | ૪-૦-૦ |
| કુમારવિહાર શતક | ૦-૧૨-૦ | ,, ભાગ ૩ જો | ૨-૦-૦ |
| ચૈત્યવંદન સમીક્ષા | ૫-૦-૦ | જૈન ધર્મવિષયક પ્રશ્નોત્તર | ૦-૮-૦ |
| જૈન તત્ત્વસાર | ૧-૦-૦ | પ્રકરણ સંગ્રહ ( પ્રત ) | ૦-૮-૦ |
| જૈન ધર્મ | ૧-૦-૦ | દંડક વૃત્તિ | ૦-૧૦-૦ |
| તત્ત્વનિર્ણય પ્રાસાદ | ૧૦-૦-૦ | **संस्कृत ग्रन्थो** | |
| તીર્થંકર ચરિત્ર સચિત્ર ગ્લેઝ | ૬-૦-૦ | ૧. વસુદેવ હિન્ડીઃ પ્રથમ અંશ | ૭-૦-૦ |
| દમયંતી ચરિત્ર | ૬-૮-૦ | ૨. ,, ,, દ્વિતીય ,, | ૭-૦-૦ |
| ધર્મબિન્દુ ગ્રંથ ( આવૃત્તિ બીજી ) | ૩-૦-૦ | [ બન્ને ભાગ સાથે આપવામાં આવશે. ] | |
| નવાણું અભિષેક પૂજા(શ્રીવલ્લભસૂરિકૃત) | ૦-૪-૦ | ૩. આ. દેવેન્દ્રસૂરિકૃત ટીકાયુક્ત કર્મગ્રંથ ભાગ ૧ લો [એકથી ચાર] | ૬-૦-૦ |
| શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૧૩-૦-૦ | | |
| ,, ભારે કાગળ | ૧૫-૦-૦ | ૪. ,, ભાગ ૨ જો [ પાંચથી છ ] | ૬-૦-૦ |
| પ્રકરણપુષ્પમાળા | ૧-૦-૦ | [ બન્ને ભાગ સાથે આપવામાં આવશે. ] | |
| પંચ પરમેષ્ઠી ગુણરત્નમાળા | ૧-૮-૦ | ૫. બૃહત્ કલ્પસૂત્ર ભા. ૨ | ૧૫-૦-૦ |
| આત્મકાંતિપ્રકાશ | ૦-૮-૦ | ૬. ,, ,, ભા. ૩ | ૧૫-૦-૦ |
| જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્યસંગ્રહ | ૨-૧૨-૦ | ૭. ,, ,, ભા. ૪ | ૧૫-૦-૦ |
| વીશસ્થાનક પૂજા અર્થવાળી | ૧-૪-૦ | ૮. ,, ,, ભા. ૫ | ૧૫-૦-૦ |
| વસુદેવ હિંડી ગુજરાતી ભાગ ૧ લો. | ૧૫-૦-૦ | ૯. ,, ,, ભા. ૬ | ૧૬-૦-૦ |

ઉપરના ગ્રંથો મંગાવનારને કારતક શુ ૧૫ સુધી કમીશન ટકા ૧૨½ આપવામાં આવશે. દરેક પોષ્ટેજ અલગ સમજવું પુસ્તકો રેલ્વે પારસલથી મંગાવવાથી ખર્ચ ઓછો આવશે તો રેલ્વે રસ્તે મંગાવનારે ગ્રંથોની કિંમત અગાઉથી મોકલી આપવા કૃપા કરવી. જે મળેથી પુસ્તકો રેલ્વે-પારસલથી તરત રવાના કરવામાં આવશે અથવા વી. પી. કરશું

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂા. ૫૦૧) રૂા. પાંચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પુરાંત હશે તે પેટ્રન તથા લાઇફ મેમ્બરોને પોણી કિંમતે મળી શકે છે.

રૂા. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂા. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણ રૂપિઆની કીંમતના ભેટ મળશે.

રૂા. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર—( સચિત્ર ) | કિં. રૂા. ૬–૮–૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, ,, ૩–૮–૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, ,, ૧૫–૦–૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૭–૮–૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૧૩–૦–૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬–૮–૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, ,, ૪–૦–૦ |
| | આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨ | ,, ,, ૨–૦–૦ |
| સં. ૨૦૦૭ } | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, ,, ૧૦–૦–૦ |
| ,, ૨૦૦૮ } | શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬–૦–૦ |
| | શ્રી અનેકાન્તવાદ ( ગુજરાતી ) | ,, ,, ૧–૦–૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, ,, ૦–૮–૦ |
| સં. ૨૦૦૯માં | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર | ,, ,, ૭–૮–૦ |
| | જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો | ,, ,, ૨–૦–૦ |
| | નમસ્કાર મહામંત્ર | ,, ,, ૧–૦–૦ |
| | | રૂા. ૮૬–૦–૦ |

હવે આપવાના ભેટના પુસ્તકો નવા તૈયાર થશે ત્યાં સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે. ૨૦૧૦–૨૦૧૧ ના ભેટ પુસ્તકો માટે શ્રી કથારત્નકોષ ભાગ બીજો તૈયાર થાય છે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૩) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઇ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બ્હેનોને પેટ્રન અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

બાવન વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તેટલા વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઇ છે.

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

સંતોષ, શાંતિ, સમતા, દયા, દાન, ક્ષમા અને સરળતા આદિ જીવનના ઉત્તમ સાથીઓની અવગણના કરીને કામ, ક્રોધ, મોહ, નિર્દયતા તથા દંભ આદિનો આદર કરનાર મોતને તાબે થયા પછી બેભાન અવસ્થામાં જીવન-કાળમાં આદર કરાયલાની પ્રકૃતિ પ્રમાણે ભાવી જીવનવ્યવસ્થા મેળવી શકે છે; કારણ કે મૃત્યુ પછી જીવન સ્વતંત્રપણે કાંઇ પણ કરી શકતો નથી. દેહ છોડતાની સાથે જ જીવન-કાળમાં માત્ર દેહની સાથે જ સંબંધ ધરાવનારા ધન, સ્વજન આદિ સંયોગ માત્રથી મુકાઇ જઇને ગાઢતમ અંધકારમાં પ્રવેશ કરે છે ત્યારે કર્માધીન જીવની પાસે દેહ-ઈંદ્રિયાદિ જાણવાનું કે સમજવાનું કાંઇ પણ સાધન ન હોવાથી મૂર્ચ્છિત થયેલા દેહધારી જીવના જેવી દશાને અનુભવે છે તે વખતે જીવન-કાળના સાથીઓ નવી દુનિયામાં લઇ જઇને તેની જીવનવ્યવસ્થા ઘડે છે. જો સંતોષ, શાંતિ આદિ સાથીઓ હોય તો તેઓ દૈવી કે માનવી દુનિયામાં જીવને લઇ જઇને મનગમતી જીવનવ્યવસ્થા કરે છે. જેથી જીવ પ્રકાશમય દુનિયામાં માનેલાં અથવા તો સાચાં સુખ, શાંતિ તથા આનંદનો ભાગી બને છે. અને કામ, ક્રોધાદિના આશ્રિત આત્માઓને તો મૃત્યુકાળ પછી પ્રકાશમય દુનિયામાં પ્રવેશ મળી શકતો નથી. પાશવી કે નારકીની અત્યંત ત્રાસ તથા ભયવાળી અને અંધકારવ્યાપ્ત દુનિયામાં અનંતકાલ સુધી જન્મ-મરણ કરવાં પડે છે, તે વખતે માનવ જીવનના મિથ્યા વૈભવનો આછો પડછાયો પણ હોતો નથી; કારણ કે કામ, ક્રોધાદિ જીવનના શત્રુ હોવાથી તેને સુખ, શાંતિ તથા સાચું અને સારું મેળવી આપવામાં ઉદાસીન જ હોય છે. અથવા તો વસ્તુ પોતાના સ્વભાવ પ્રમાણે જ પરિણમે છે. સંતોષ, શાંતિ આદિ અમૃત છે અને કામ, ક્રોધાદિ વિષ છે; માટે અમૃત સેવન કરનાર અમર બને છે ત્યારે વિષનું સેવન કરનારને મૃત્યુને તાબે થવું પડે છે.

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only